December 2022

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

જ્ઞાન * દર્શન * ચારિત્ર
શ્રી પાટણ જૈન મંડળ
ESTD. 1912
સેવા * સહકાર * સંગઠન
Shree Patan Jain Mandal

Year 18 ● Issue 3 / 202
● Mumbai ● Page 24 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 8779161209 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)

મારા પ્યારા સ્નેહી, સ્વજનો, મિત્રો

પ્રણામ !

એક પછી એક તારીખનાં પાનાં ફાડતા કે મહિનાના પાના ઉથલાવતા આખું વર્ષ વીતી જાય છે, વર્ષના અંતે છેલ્લા મહિનાની છેલ્લી તારીખનું પાનું ફાડીએ અને વીતી ગયેલા વર્ષનો કે સમયનો તાળો મેળવીએ એ પહેલાં આપણે નવું કેલેન્ડર, નવી તારીખો સાથે નવું કંઈક કરવાની આશા સાથે દિવાલ પર લગાવી દઈએ છીએ. નવું બધાને ગમે છે, નવીનતા એ માનવને મળેલું ઐશ્વર્ય છે, નવું વર્ષ એક અનુભૂતિ છે, After All દિવસો કે મહિનાઓ કે વર્ષ અગત્યના નથી, માનવીનું જીવન અગત્યનું છે. જીવનનું નાવિન્ય અને શાંતિનું સામીપ્ય સ્થાયી રહેવું જોઈએ. ફરી પાછું તારીખનું પાનું કેલેન્ડરથી બહાર ખરે એ પહેલાં આપણી આંખોમાં સુંદરતામય બને, હૈયામાં સત્કાર્યોની મહેંક રહે અને હથેળીઓમાં ફળે એવી સૌને નવા વર્ષના નવા ઉમળકા સાથે શુભેચ્છા.

**Wish you All Happy New Year**
**Welcome "2023"**

**તા. ૧૭/૧૮ ડિસેમ્બરના** રોજ ઓલિમ્પિક ઈન્ડોર ગેમ્સ, **NSCI, Worli** ખાતે રમાઈ હતી, જેમા ૧૭૫ થી પણ વધારે ખેલાડીઓની એન્ટ્રી આવી હતી, ખુબજ ઉત્સાહ જોવા મળ્યો હતો.

**તા. ૨૪ ડિસેમ્બરના** રોજ ફાઈનલ ગેમ **NSCI, Worli** ખાતે રમાશે. આ કાર્યક્રમ માટે ઉપપ્રમુખ શ્રી રોહિતભાઈ એમ. શાહ અને તેમની ટીમે ખૂબ ખૂબ પરિશ્રમ કર્યો છે, તે બદલ તેમને અભિનંદન અને બધા જ રમતવીરોને **"Good Luck"**

**તા. ૧૫ ડિસેમ્બર, ૨૨ના** રોજ સાંજના ૬ કલાકે High Tea with Snacks ને ન્યાય આપીને શ્રી પાટણ જૈન મંડળ શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ હોલમાં સંસ્થાની એક ' AGM'નું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં કમિટિ મેમ્બરો તથા અન્ય સભ્યોની ઉપસ્થિતિ રહી હતી તે પ્રસંશનીય છે. આ મિટિંગમાં **PJM USA NFP** ચેપ્ટર નાં ટ્રસ્ટી શ્રી વિરાજભાઈ નિગ્નેશકુમાર શાહ (કનાસાનો પાડો) તેમનું બહુમાન સંસ્થાના ટ્રસ્ટી શ્રી રમેશભાઈ છબીલદાસ શાહ તથા ઉપપ્રમુખશ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહે કર્યું હતું.

શ્રી વિરાજભાઈ શાહે સભામાં **ISO** બાબત સહુને સમજણ આપી હતી. તેમજ યુ.એસ.એ થી સારામાં સારું ફંડ ડોનેશન રૂપે લાવી આપવામાં સંપૂર્ણ સાથ-સહકાર આપવાનું વચન આપ્યું હતું. શ્રી વિરાજભાઈ શાહને ખૂબ ખૂબ અભિનંદન.

પ્રમુખશ્રી દાનેશભાઈ શાહે ઉપસ્થિત સહુને જણાવ્યું હતું કે, **એપ્રિલ ૨૦૨૨થી વર્તમાન ડિસેમ્બર ૨૦૨૨** સુધીના સમયગાળા દરમ્યાન **કુલ ૭ કરોડ ૪ લાખ રૂા.નું** માતબર દાન સમાજના પરિવાર તરફથી પ્રાપ્ત થયું છે. આ એક ઐતિહાસિક સિદ્ધિ છે. દરેક દાતા પરિવારોની અનુમોદના અને અભિનંદન.

ત્યારબાદ વધુમાં તેઓએ જણાવ્યું હતું કે વિવિધ સહાય યોજનાઓ હેઠળ **કુલ રકમ ૩ કરોડ ૩૪ લાખ રૂા.ની સહાય** કરવામાં આવી છે, તેની વધુ વિગત આ અંકમાં આપવામાં આવેલી છે. **વર્ષ ૨૦૨૧-૨૦૨૨નો** અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો અને હિસાબો સાથે સર્વાનુંમતે તેને બહાલી આપવામાં આવી હતી.

**પાટણ ખાતે તા. ૧૭ ડિસેમ્બર** શનિવાર સવારે ૧૨.૩૯ શુભ મૂહુર્ત શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલયમાં પ્રાયમરી સ્કુલનું

Cont. page 2

ભૂમિ પૂજન  શ્રી ભરતભાઈ નેમચંદ શાહ , શ્રી રવિભાઈ સેવંતીલાલ શાહ, પ્રમુખ શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ, ઉપપ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ, દાતાશ્રી ત્રીભુવનભાઈ પટેલ, સ્કુલના પ્રિન્સીપલ શ્રી બળદેવભાઈ, સ્કુલના માનદ્‌મંત્રી શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ, સમિતિના સભ્યો શ્રી હિતેશભાઈ જશવંતલાલ શાહ, શ્રી જીગરભાઈ ગીરીશભાઈ શાહ તથા લોકલ સમિતિની ઉપસ્થિતિમાં ભૂમિ પૂજનનું કાર્ય સંપન્ન થયું. સાંજે ૬.૩૦ કલાકે સ્કુલનો પ્રોગ્રામ. સ્કુલના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ કર્યો. સાંજે ચાર વાગે ગાર્ડનનું ઓપનીંગ કર્યું અને ત્રિભુવનભાઈ પટેલે આપેલ રૂા.  ૨૫ લાખના  ડોનેશનથી હોલના નવીનીકરણનો શુભારંભ કર્યો.

**તા. ૧૦ જાન્યુઆરી ૨૦૨૩ના** રોજ પાલીતાણાના યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે લાભાર્થી પરિવારની અનુમોદના. આ પ્રવાસના કન્વીનર પ્રથમ પ્રમુખ શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ તથા ઉપપ્રમુખ શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહે ખુબજ અથાગ મહેનત કરી છે તેમનો ખૂબ ખૂબ આભાર.



*‘‘નિરખી પ્રભાતે રોજ રવિના કિરણ,*
*દિલને થયું કે આવો ઉદય બધાને મળે,*
*કંઈક આપવા ચાહે છે, તો માગુ છું, હે પ્રભું,*
*ઝરણાંની પેઠે વહેતું રહે, એવું હૃદય સૌને મળે.’’*









## Sahay Till 30th Nov. 2022 3.35 Crores

| | | | |
|---|---|---|---|
| • Medical Amount | Rs. 36.74 Lakhs | • Education Loan | Rs. 47.00 Lakhs |
| • Mediclaim Premium Amount | Rs. 11.95 Lakhs | • Samaj Utkarsh Amount (Yearly) | Rs. 62.00 Lakhs |
| • SBI Mediclaim Premium | Rs. 68.41 Lakhs | • Jivan Nirvah Sahay | Rs. 49.47 Lakhs |
| • Educational Amount | Rs. 59.59 Lakhs | | |

## તંત્રી સ્થાનેથી...




# સમય મારા હાથમાં...

પ્રત્યેક પ્રભાતે હજારો કિરણોને પાથરતો સૂર્ય એક દિવ્ય સંદેશ લઈને આવે છે. પોતાના કિરણો દ્વારા પ્રકાશ શક્તિને ધરાતલ પર ઠાલવતો સૂર્ય કોઈ એવી આશા સેવે છે કે મારી માફક જ માનવી જાગી જાય, તૈયાર થઈ જાય, સજ્જ બની જાય પરંતુ આમ બને છે ખરું ?

વર્ષ ૨૦૨૩ આપણી પાસે એક કોરી કિતાબ લઈને આવ્યું છે. નવા વર્ષને આવકારતા આપણે જ આપણાં સુંદર મનોહર જીવન માટે નવી દિશામાં નવા કદમ માંડવાની શરૂઆત કરીને આપણાં જીવનનાં આપણે જ શિલ્પકાર બની નવા વર્ષે સ્વનું જ નવસર્જન કરીએ.

૨૦૨૨માં ઘણાં નવા કામ કરવાના મનોરથ સેવ્યા હતા, કેટલાંક આદરેલા કામો પૂરાં કરવાના સંકલ્પો કર્યા હતા, તેમ છતાં ધારેલું પરિણામ મળ્યું નહીં અને અધૂરપનો વિષાદ મનને ફરી વળે છે. ફરી એકવાર નવી આશા જાગે છે કે, હવે આ વર્ષમાં તો ગમે તેમ કરીને પણ અધુરા કામ પૂરા કરી જ લેવા છે. માનવી પોતાના અભિમાનમાં એમ વિચાર છે કે સમયને બદલી નાખીશ, પરંતુ વરસોના ઉધામાં કર્યા પછી ખ્યાલ આવે છે કે સમયને નહીં પણ માનવીને પોતાને જ બદલાઈ જવાનો સમય આવી ગયો છે.

જિંદગીની ક્ષણોનો મહિમા સમજવા જેવો છે, આજે આપણે સમયને જાણીએ છીએ પણ એ સમયને યોગ્ય રીતે વાપરી શકતા નથી. આમ સમયના હિંચકા પર બેઠાં બેઠાં દરેક માણસ ઝોલા ખાય છે. એક જમાનામાં ઘડિયાળ ન હતી, તેમ છતાં લોકોનું જીવન વ્યવસ્થિત ચાલતું હતું. હવે તો આપણી આસપાસ ચારેકોર ઘડિયાળ જ ઘડિયાળ છે. છતાં જીવન અસ્તવ્યસ્ત છે. સમય તો એ સરી જતી રેતી જેવો છે, તે ક્યારેક પણ હાથમાં તો આવતો જ નથી પણ આપણા હાથમાં જ તાળી મારીને જતો રહે છે અને આપણે એવા ભ્રમમાં જ જીવીએ છીએ કે સમય તો મારા હાથમાં જ છે.

સમયની કિંમત અમૂલ્ય છે, વીતી ગયેલો સમય અને વીતી ગયેલી તક કદી પણ પાછાં આવતાં જ નથી. પ્રિયકાંત પરીખે લાલબત્તી બતાવતા કહ્યું: ‘‘ભાઈ! તને આ સમયરૂપી સોનું મળ્યું છે, તે એનું મૂલ્ય કેમ ન જાણ્યું ? તો પ્રભુ મહાવીરે ગૌતમ સ્વામીને વારંવાર કહ્યું છે કે, ‘‘સમયમ્ ગોયમ્ માં પમાયએ’’ આ સમય માત્ર ત્રણ અક્ષરોનો શબ્દ નથી, એને પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ છે. સમય એટલે માત્ર તિથિ, વાર કે દિવસો, કલાકો, મહિનાઓમાં સમાઈ જાય તેવી કોઈ વસ્તુ નથી. રાજાબાઈ ટાવરના ડંકામાં એ કેદ કરાયેલો નથી. દિવાલ પરની વોચમાં કે આપણાં કાંડા પર પહેરાતી વોચમાં પણ સમય કેદ નથી. તેનું મૂલ્ય અનેકગણું છે જે સમજે છે તેને માટે જ સમય મૂલ્યવાન બની જાય છે આળસુ અન પ્રમાદી માણસો માટે સમયની કોઈ કિંમત નથી.

લાકડાના વેપારીએ ખંતીલા કઠિયારાને પોતાને ત્યાં નોકરીએ રાખી લીધો. કઠિયારો એવો કે જંગલમાં ગયા પછી પૂરી નિષ્ઠાથી પોતાનું કામ કરે. થોડો સમય પણ બીજી બાબતોમાં વેડફે નહીં. એની નિષ્ઠા જોઈને લાકડાનો વેપારી એના પર પણ પ્રસન્ન થયો. ધીરે ધીરે એના પર વિશ્વાસ જામવા લાગ્યો. વેપારીએ કઠિયારાને વૃક્ષો કાપીને કયા પ્રકારના લાકડાં જોઈએ છે તે સમજાવ્યું. એક દિવસ કઠિયારાએ એક જ દિવસમાં વીસ જેટલા વૃક્ષો કાપ્યા અને વેપારીને હિસાબ આપ્યો, કહ્યું કે; આટલા વૃક્ષો એણે અગાઉ ક્યારેય કાપ્યા નથી. વેપારી પણ એની કુશળતાથી પ્રભાવિત થયો. એ પછી બીજે દિવસે કઠિયારો આવ્યો, ત્યારે એના ચહેરા પર થોડી નિરાશા હતી, થોડી મૂંઝવણ હતી. વેપારીએ હિસાબ માંગ્યો ત્યારે એણે કહ્યું; ‘‘કોણ જાણે કેમ શું થયું, પણ આજે માંડ સોળ જ વૃક્ષ કાપી શક્યો. કામ તો ગઈકાલે જેટલો સમય કર્યું હતું, તેટલો સમય જ કર્યું પણ આવું કેમ બન્યું તે સમજાતું નથી.’’

વેપારીએ એને શાંત પાડ્યો અને ત્રીજા દિવસે વધારે મહેનત કરવા કહ્યું, ત્રીજે દિવસે કઠિયારાએ સાવ હતાશ થઈને કહ્યું, ‘‘આજે તો માંડ દસ જ વૃક્ષ કાપી શક્યો. ગઈકાલ કરતાંય વધુ સમય મેં કામ કર્યું પણ ક્યાં તો મારી ક્ષમતા ઘટી ગઈ છે અને શક્તિ ઓછી થવા લાગી છે.

વેપારીએ તેને સાંત્વના આપતાં તેની કુહાડીની ધાર જોવા માંગી ત્યારે કઠિયારાએ કહ્યું: ‘‘કુહાડીની ધાર તો મેં કાઢી જ નથી, એને માટે મારી પાસે ક્યાં સમય જ છે ?’’

મારાં પ્યારાં વાચક મિત્રો, સમજાઈ ગયું ને ? રોજ બરોજ પરિવર્તનની આ દુનિયામાં સમયની સાથે સુસંગત તાલ મેળવવો હવે અનિવાર્ય બની ગયું છે. Go Slow ની ગતિ પરવડે તેમ નથી.

સમય માનવીના કાનમાં સતત કહે છે; ‘‘હું તો પળેપળ તારી સાથે જ છું, તારા હાથમાં જ રહું છું, તને હરપળે જગાડું છું, પણ તું જ ન જાગે તો હું શું કરું ? જતાં જતાં તારા દરવાજે ટકોરા મારીને પસાર થઈ જાઉં છું. પરંતુ એ ટકોરા આપણને સંભળાતા નથી, અને ફરી પાછાં એજ સમયની પ્રતિક્ષા કરતાં રહીએ છીએ. ચાલો મિત્રો ! સમયની સાથે રહીને ચાલીએ, આપણાં જીવનની કિતાબમાં માનવસેવામાં સત્કાર્યો આલેખીને પ્રગતિના રાજપથ પર શાનદાર કદમથી ચાલીએ એજ નૂતન વર્ષની આપ સૌને પ્રેમી સલામ સાથે.’’

**Welcome 2023 - Wish You All Happy New Year**

❑ ભારતી બી. શાહ

# શ્રી પાટણ જૈન મંડળ આયોજિત શૈક્ષણિક ઈનામ વિતરણ સમારોહ















શ્રી પાટણ જૈન મંડળની શિક્ષણ સમિતિ દ્વારા ૨૦૨૧-૨૨માં SSC, HSC, ગ્રેજ્યુએશન, પોસ્ટ ગ્રેજ્યુએશન તથા ડીગ્રી-ડિપ્લોમાં કોર્ષમાં ઝળહળતી સફળતા મેળવનાર વિદ્યાર્થીઓને સન્માન કરવા **શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહના** પ્રમુખસ્થાને શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ કોમ્યુનિટી હોલમાં **તા. ૧૩ નવેમ્બર, ૨૨ને** દિવસે આયોજીત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ **શ્રી દાનેશભાઈ શાહ તથા ઉપપ્રમુખ શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહે** તેમના વક્તવ્યમાં શિક્ષણ ક્ષેત્રે જ્વલંત સફળતા હાંસલ કરનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને હાર્દિક અભિનંદન આપ્યા હતા.

આ પ્રસંગે બ્રાહ્મણવાડાના **ડૉ. યશવંતભાઈ હરીલાલ ઝવેરીને ૮૦ વર્ષની વયે ''વંદીતુ'' સુત્ર** વિષય ઉપર Ph.d.પદવી પ્રાપ્ત કરેલ છે તે બદલ રૂા. ૧૦,૦૦૦/-ની શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ મેરીટ સ્કોલરશીપ પ્રદાન થતાં ઉપસ્થિત સહુએ સ્ટેન્ડીંગ ઓવેશન આપી તેઓની સિદ્ધીને બિરદાવેલ હતી. આ ઉપરાંત સમાજનાં ત્રણ વિદ્યાર્થીઓને પણ મેરીટ સ્કોલરશીપ એનાયત કરવામાં આવી હતી.

આજના કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલ **ડૉ. હરી વાસુદેવન** (પ્રોફેસર ડી.જે. સંઘવી કોલેજ) દ્વારા પ્રભાવી પ્રવચન આપી વિદ્યાર્થીઓને કારકીર્દિ ઘડવા ઉચ્ચ કોટીનું માર્ગદર્શન આપવામાં આવેલ તેમજ મોટીવેશનલ સ્પીકર **શ્રી આરઝુ શાહ** દ્વારા પ્રાસંગિક રજુઆત કરવામાં આવેલ જેઓનું મંડળના હોદ્દેદારો દ્વારા સ્મૃતિચિન્હ એનાયત કરી અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉચ્ચ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીઓ, તેમના વાલીઓ, પાટણ પ્રતિબિંબના શ્રેષ્ઠ કૃતિઓના લેખક મિત્રો, સંસ્થાના હોદ્દેદારો, ઈનામ પારિતોષિક ફંડના દાતાઓ તેમજ અન્ય ભાઈ બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

શિક્ષણ સમિતિના માનદમંત્રીઓ **શ્રી સંદિપભાઈ રમેશચંદ્ર શાહ, શ્રીમતી જીમ્મીબેન તરંગભાઈ શાહ, શ્રી નિખીલભાઈ મહેન્દ્રભાઈ શાહ** તેમજ સભ્યો **શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ, શ્રી હિતેનભાઈ પ્રવિણચંદ્ર ઝવેરી, શ્રી શ્રેયશભાઈ વિક્રમભાઈ શાહે** કાર્યક્રમને સફળ બનાવવા માટે સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. અંતમાં મંડળના સક્રીય કાર્યકરો અને સમાજના આગેવાનોના હસ્તે સફળ વિદ્યાર્થીઓને એવોર્ડ આપી સૌનો આભાર માનવામાં આવ્યો હતો.

ઈનામ મેળવવા અંગેના ફોર્મનું વર્ગિકરણથી લઈ ઈનામની ફાળવણી કરવી ઈત્યાદિ બાબતો માટે મંડળના મેનેજર **શ્રી મનુભાઈ જોષી તેમજ શ્રીમતી શિતલબેન શાહ** દ્વારા સક્રિય યોગદાન પ્રાપ્ત થયેલ તે બદલ તેઓ પ્રતિ આભાર ભાવ વ્યક્ત કરવામાં આવે છે.

કાર્યક્રમના અંતમાં પ્રિતિ ભોજન માણી સૌ છૂટા પડ્યા હતા.

❑ **શિક્ષણ સમિતિ**

# શ્રી પાટણ જૈન મંડળ આયોજિત શૈક્ષણિક ઈનામ વિતરણ સમારોહ





























# EDUCATIONAL PRIZE

**SHRI KESHAVLAL KILACHAND CHARITABLE TRUST**
**POST GRADUATE MERIT SCHOLARSHIP (Rs. 10,000/- Each Student)**

| | | |
|---|---|---|
| **Dr. Yashwantbhai Harilal Jhaveri** | Vile Parle | Brahman Wado |
| *Doctor of Philosophy (Humanities) (Ph.D.)* | | |
| **Dharam Janak Shah** | Goregaon | Manmohanji ni Sheri |
| Last Exam : ***M.Com*** | | |
| **Harsh Kalpesh Shah** | Dahisar | Mahalaxmimata no Pado |
| Last Exam : ***Masters in Business Information & Analytical Systems*** | | |
| **Fenil Vipul Shah** | Prathna Samaj | Kumbharia Pado |
| Last Exam : ***Masters in Building Construction & Facility Management*** | | |

| Sr No. | Name | Std. | % | Mahollo | Resident |
|---|---|---|---|---|---|
| | **S.S.C. / I.C.S.E. / C.B.S.E. / IGCSE / Std. 10TH** | | | | |
| | **Smt. Smitaben Vikramkumar Dawavala Marriage Prize** | | | | |
| | **Shri Halabhai Maganlal Girls Student Prize** | | | | |
| | **Smt. Nirmalaben Sevantilal Jhaveri Gujarati Prize** | | | | |
| | **Shri Harshit Bharatkumar Shah Science Prize** | | | | |
| 1 | Ruhi Kunal Shah | ICSE | 98.11 | Kanasano Pado | Santacruz |
| | **1st Highest In Std. 10th** | | | | |
| | **1st Highest In Std. 10th Girls Student** | | | | |
| | **Highest Marks in Gujarati Subject - (99/100)** | | | | |
| | **Highest Marks in Science Subject - (99/100)** | | | | |
| | **Shri Mohanlal Sakarchand Prize** | | | | |
| 2 | Tiya Bhavin Shah | ICSE | 97.67 | Lakhiyar Wado | Gowalia Tank |
| | **2nd Highest Marks** | | | | |
| | **Smt. Mrudulaben Navinchandra Dawavala Maths Prize** | | | | |
| 3 | Dhruvi Shalin Shah | ICSE | 97.00 | Ajitnath Ni Pol | Walkeshwar |
| 4 | Dhyaana Krushi Maniar | ICSE | 96.67 | Chaudhary Ni Sheri | Santacruz |
| | **Highest Marks In Maths Subject (100/100)** | | | | |
| | **Shri. Harshit Bharatkumar Shah Science Prize** | | | | |
| 5 | Bhavya Sameer Patrawala | CBSE | 97.00 | Chitara ni Khadki | Malabar Hill |
| | **Highest Marks In English Subject (99/100)** | | | | |
| | **Shree Patan Jain Mandal Merit Prize** | | | | |
| 6 | Monil Niren Jain | ICSE | 96.50 | Maniyati Pado | Vile Parle |
| 7 | Anushka Ashish Shah | ICSE | 96.50 | Lakhiyar Wado | Juhu |
| 8 | Vivyan Ankit Shah | ICSE | 96.50 | Lakhiyar Wado | Gowalia Tank |
| 9 | Prem Kalpesh Shah | IGCSE | 96.40 | Kokano Pado | Borivali |
| 10 | Tanish Chirag Shah | IGCSE | 96.16 | Dankmehta no Pado | Andheri |
| 11 | Maahir Sachin Zaveri | ICSE | 96.00 | Zaveri Wado | Vile Parle |
| 12 | Somya Apurva Shah | ICSE | 95.00 | Chaudhari ni Sheri | Andheri |
| 13 | Priyanshi Bhavin Shah | ICSE | 93.00 | Vakharno Pado | Goregaon |
| 14 | Tanvi Amish Choksi | ICSE | 93.00 | Dhandher Wado | Goregaon |
| 15 | Krrish Chirag Shah | ICSE | 93.00 | Kokano Pado | Marine Drive |
| 16 | Pakshal Miten Shah | ICSE | 92.33 | Limdino Pado | Borivali |
| 17 | Jash Keyur Shah | ICSE | 92.00 | Kumbharia Pado | Walkeshwar |
| 18 | Jinay Tushar Shah | ICSE | 91.57 | Khajurino Pado | Marine Drive |
| 19 | Abhay Kalpesh Shah | ICSE | 91.00 | Limdino Pado | Vile Parle |

| Sr No. | Name | Std. | % | Mahollo | Resident |
|---|---|---|---|---|---|
| 20 | Vansh Jigar Shah | ICSE | 90.40 | Kanasano Pado | Borivali |
| 21 | Vidhi Dipesh Shah | IGCSE | 89.83 | Limdi no Pado | Andheri |
| 22 | Jia Kaushal Shah | CBSE | 89.60 | Vasupujya ni Sheri | Nepean Sea Road |
| 23 | Jay Pragnesh SHah | SSC | 89.20 | Shantinathni Sheri | Masjid Bumder |
| 24 | Yashvi Hetal Shah | SSC | 89.20 | Pole ni Sheri | Goregaon |
| 25 | Dhruvin Firoz Shah | IGCSE | 87.00 | Vakhatjini Sheri | Goregaon |
| 26 | Meet Pamit Shah | SSC | 86.60 | Kanasano Pado | Andheri |
| 27 | Vrushil Sameer Shah | SSC | 86.20 | Shamlajini Sheri | Surat |
| 28 | Dhruv Hiren Shah | IGCSE | A Grade | Vakhatjini Sheri | Santacruz |
| 29 | Vanshi Mihir Shah | IGCSE | 91.00 | Limdino Pado | Vile Parle |

## HSC SCIENCE

**Shri Sevantilal Kantilal Trust Prize**
**Shri Pravinchandra Chimanlal Kilachand Jhaveri Science Prize**

**Smt. Mrudulaben Navinchandra Dawavala Maths Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 30 | Krishiv Jigar Shah | IBDP | 95.55 | Zaveri Wado | Sion |

**1st Highest Marks Std. 12th Science**
**Highest Marks In Science Subject (100%)**
**Highest Marks In Maths Subject (100%)**

**Shri Nipun Kapurchand Sonawala Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 31 | Pratiksha Shailesh Mehta | ISCE | 93.80 | Kanasano Pado | Andheri |

**2nd Highest Marks**

**Smt. Jivibai Leharchand Kotawala Prize**
**Shree Patan Jain Mandal Merit Prize (NEET)**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 32 | Kriya Jainik Shah | HSC | 91.50 | Keshushethno Pado | Andheri |

**3rd Highest Marks**

**Shree Patan Jain Mandal Merit Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 33 | Bhumil Pragnesh Shah | HSC | 89.83 | Shantinathni Pole | Paydhonie |
| 34 | Krish Brijesh Shah | HSC | 88.83 | Bhabhano Pado | Khetwadi |
| 35 | Krisha Pragnesh Shah | HSC | 86.67 | Shantinathni Sheri | Masjid Bumder |
| 36 | Vruddhi Dilip Shah | HSC | 85.50 | Kokano Pado | Pune |
| 37 | Natansh Tejas Shah | HSC | 84.00 | Khetarvasi | Ahmedabad |
| 38 | Rashi Sameer Shah | HSC | 81.17 | Chaudhrini Sheri | Borivali |
| 39 | Divit Nilay Shah | HSC | 74.50 | Lakhiyar Wado | Worli |

## HSC COMMERCE

**Shri Yashwadan J. Choksi Prize (First Prize)**
**Kum. Khushboo Kartik Navinchandra Shah Account Prize**
**Kum. Khushboo Kartik Navinchandra Shah Maths Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 40 | Aashna Harshal Shah | HSC | 94.33 | Vakhatjini Sheri | C.P.Tank |

**1st Highest Marks Std. 12th Commerce**
**Highest Marks In Account / Book keeping Subject (98/100)**
**Highest Marks In Maths Subject (98/100)**

**Shri Yashwadan Jeshinglal Chokshi Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 41 | Pahal Maulik Parikh | HSC | 90.00 | Kasumbiya Wado | Marine Drive |

**2nd Highest Marks Std. 12th Commerce**

**Shree Patan Jain Mandal Merit Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 42 | Aesha Chirag Shah | HSC | 89.83 | Marfatiya Mehtano Pado | Chowpatty |
| 43 | Kunal Bhavesh Shah | HSC | 87.17 | Marfatiya Mehtano Pado | Mira Road |

| Sr No. | Name | Std. | % | Mahollo | Resident |
|---|---|---|---|---|---|
| 44 | Rudra Niraj Shah | HSC | 76.43 | Pole Ni Sheri | Rajkot |
| 45 | Kashish Manish Shah | HSC | 75.67 | Khajurino Pado | Goregaon |
| 46 | Raj Ketan Shah | HSC | 73.00 | Marfatiya Mehtano Pado | Ahmedabad |
| 47 | Freya Ritesh Shah | HSC | 70.60 | Kumbharia Pado | Mira Road |
| 48 | Rishabh Rajiv Shah | IBDP | 91.00 | Dhandher Wado | Marine Drive |

**B.COM**

**Smt. Bapuben Keshavlal Hemchand Teliawala B. Com Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 49 | Kinjal Shailen Shah | B.Com | 97 | Dhandher Wado | Byculla |

**Shri Mafatlal (Babubhai) Laxmichand Shah**
**Bhupendra & Parendra Chartered Accountant Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 50 | Kunal Kalpesh Shah (AIR - 17th Rank) | C.A. | 69.00 | Ajitnathni Pole | Andheri |
| 51 | Forum Shailen Shah | C.A. | 63.00 | Dhandher Wado | Byculla |
| 52 | Harsh Milan Shah | C.A. | 55.38 | Kokano Pado | Malad |

**Shree Patan Jain Mandal Merit Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 53 | Rachit Binish Shah | C.A. | 53.50 | Marfatiya Mehtano Pado | Borivali |
| 54 | Dhvani Ashish Shah | C.A. | 52.25 | Vakhatjini Sheri | Lamington Rd |
| 55 | Yesha Uresh Shah | C.A. | 51.88 | Tamboli Wado | Malad |
| 56 | Nidhi Niraj Shah | C.A. | 51.38 | Pole Ni Sheri | Rajkot |
| 57 | Karan Rakesh Shah | C.A. | 51.00 | Vasupujyani Sheri | Marine Drive |
| 58 | Abhishek Nishith Shah | C.A. | 51.00 | Panchotino Pado | Kandivali |

**B.PHARM**

**Shree Patan Jain Mandal Merit Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 59 | Disha Biren Shah | B.Pharm | 6.82GPA | Kanasano Pado | Vile Parle |

**Shree Patan Jain Mandal Merit Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 60 | Vihit Ashish Shah | B.A.L.L.B. (Hons.) | Pass | Lakhiyar Wado | Worli |
| 61 | Nigam Jatin Shah | B.A.L.L.B. | 82.00 | Kumbharia Pado | Marine Drive |
| 62 | Bhoomi Ajay Sandesara | B.A.L.L.B. | 79.40 | Kasumbiya Wado | Fort |
| 63 | Heena Aashay Shah | L.L.B. | 79.30 | Kanasano Pado | Goregaon |
| 64 | Priya Yashwant Shah | L.L.B. | 68.60 | Kanasano Pado | Goregaon |

**B.A**

**Shree Patan Jain Mandal Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 65 | Aesha Bimal Shah | B.A. | 88.50 | Abji Mehta No Pado | Andheri |

**M.A.**

**Shree Patan Jain Mandal Merit Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 66 | Pujal Utpal Shah | M.A. | 77.74 | Bhabhano Pado | Vile Parle |

**ENGINEERING**

**Shri Hitenbhai Pravinchandra Jhaveri Engineering Prize**
**Highest Marks in Any Faculty of Engineering**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 67 | Harsh Jignesh Shah | Bachelor of Technology in Information Technology Final Year | 89.20 | Maniyati Pado | Borivali |

**Shri Hasmukhbhai Balubhai Shah Engineering Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 68 | Devang Mrugesh Patani | B.Tech | 73.60 | Manmohanjini Sheri | Vile Parle |

**Shree Patan Jain Mandal Merit Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 69 | Nemil Jayesh Shah | B.Tech | 93.40 | Mahadevajini Sheri | Goregaon |

| Sr No. | Name | Std. | % | Mahollo | Resident |
|---|---|---|---|---|---|
| **B.D.S ( DENTIST)** | | | | | |
| | **Smt. Dr. Nirupama Rameshchandra Rasikalal Prize** | | | | |
| 70 | Aditi Dhananjay Jhaveri | B.D.S ( Dentist) | 73.36 | Manmohanjini Sheri | Churchgate |
| | **1st Highest Marks In B.D.S** | | | | |
| | **Shree Patan Jain Mandal Prize** | | | | |
| 71 | Riya Bimal Shah | B.D.S ( Dentist) | 69.00 | Abji Mehtano Pado | Andheri |
| 72 | Nischal Akshay Shah | Master of Commerce (M.Com)Advanced Accountancy | 81.50 | Chaudhary Ni Sheri | Andheri |
| **MBBS** | | | | | |
| | **Dr. Vijay Jayantilal Patani Marriage Medical Prize** | | | | |
| 73 | Harshil Janak Shah | Bachelor of Medicine & Bachelor Of Surgery | - | Lakhiyar Wado | Vile Parle |
| | **Dr. Dhiren Ramanlal Shah Medical Prize** | | | | |
| 74 | Michelle Jitesh Shah | Bachelor of Medicine & Bachelor Of Surgern | - | Bhabhano Pado | Juhu |
| **M.S (ANY FACULTY) MERIT BASIS** | | | | | |
| | **Smt. Maltiben Shripalbhai Zaveri** | | | | |
| 75 | Neha Hemendra Shah | Fellowship course in Vitreo Retinal Surgery | 70.00 | Tamboli Wado | Tardeo |
| 76 | Dhriti Anil Shah | Masters in Computer Science | 98.25 | Keshuseth No Pado | Andheri |
| | **Shree Patan Jain Mandal Prize** | | | | |
| 77 | Darshin Jatin Shah | Masters in Finance Canada | - | Vakhatjini Sheri | Andheri |
| **M.B.A** | | | | | |
| | **Smt. Renukaben Pravinbhai Jhaveri Prize** | | | | |
| 78 | Rujul Ashit Zaveri | MBA | A * | Khejdano Pado | Borivali |
| **RELIGIOUS STUDY** | | | | | |
| | **Smt. Taraben Manilal Gabhruchand Shah Dharmik Prize** | | | | |
| 79 | Sakshi Kalpesh Shah | Std. 9th | 56.00 | Kasumbiya Wado | Borivali |

## કર્ણની પ્રસંશા

મહાભારતનું યુદ્ધ ચાલી રહ્યું હતું. શ્રી કૃષ્ણ અર્જુનના સારથી હતા. જેવું અર્જુનનું બાણ છૂટતું કર્ણનો રથ ઘણો જ પાછળ જતો રહેતો, જ્યારે કર્ણનું તીર છૂટતું તો અર્જુનનો રથ સાત પગલાં પાછળ જતો રહેતો.

શ્રી કૃષ્ણ અર્જુનની પ્રશંસા કરવાને બદલે દર વખતે કર્ણ માટે કહેતા, કેટલો વીરપુરુષ છે કર્ણ.. જે રથને સાત પગલા પાછો પાડી દે છે. અર્જુન અસમંજસની સ્થિતિમાં પૂછી બેઠો, હે વાસુદેવ, આ પક્ષપાત કેમ ? મારા પરાક્રમની આપ નોંધ નથી લેતા અને આપણાં રથને માત્ર સાત પગલાં પાછળ ધકેલતા કર્ણ માટે આપ દરેક વખતે વાહ વાહ કરો છો ?

શ્રી કૃષ્ણ બોલ્યાઃ ''પાર્થ તને ખબર નથી, તારા રથ પર મહાવીર હનુમાન અને હું સ્વયં બિરાજમાન છીએ. જો અમે બન્ને ન હોત તો તારા રથનું અત્યારે અસ્તિત્વ પણ ન હોત. અમારા હોવા છતાં આ રથને સાત પગલાં પાછળ ધકેલતા કર્ણ મહાબળવાન હોવાનો સંકેત છે.''

અર્જુન આ સાંભળીને પોતાની સુદ્રતા પર સંકોચ અનુભવવા લાગ્યો. આ તથ્યને અર્જુન તેથી વિશેષ ત્યારે સમજ્યો જ્યારે યુદ્ધ સમાપ્ત થયું. પ્રત્યેક દિવસ અર્જુન જ્યારે યુદ્ધમાંથી પાછા ફરતાં ત્યારે શ્રી કૃષ્ણ ભગવાન પહેલાં રથમાંથી ઉતરતા અને સારથી ધર્મ હોવાથી અર્જુનને પછી ઉતારતા.

યુદ્ધમાં છેલ્લા દિવસે રથમાંથી ઉતરતા પહેલાં શ્રી કૃષ્ણે કહ્યું, ''અર્જુન તમે પહેલા રથમાંથી ઉતરીને દૂર ઊભા રહો.'' ભગવાનની આજ્ઞા માનીને જેવો અર્જુન નીચ ઉતર્યો કે રથ બળીને ભસ્મ થઈ ગયો. ભીષ્મ, કૃપાચાર્ય, દ્રોણાચાર્ય અને કર્ણનાં દિવ્યાસ્ત્રોમાંથી તે રથ નષ્ટ થઈ ચૂક્યો હતો. પોતાની શ્રેષ્ઠતાના મદમાં બોલાયેલ અર્જુનનું અભિમાન ચકનાચૂર થઈ ગયું. પોતાનું સર્વસ્વ ત્યજીને તે ભગવાનના ચરણોમાં નત્મસ્તક થઈ ગયો. ❋ ❋ ❋

# શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત કોલેજના વિદ્યાર્થિઓનો શૈક્ષણિક ઈનામ સમારંભ








શ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ સંલગ્ન શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત **બી.કે. સાલવી કેમ્પસમાં** આવેલ **એસ.કે. કોલેજ ઓફ સાયન્સ, પ્રદિપ કોલેજ ઓફ કોમર્સ, વસુમતી સેવંતીલાલ કોલેજ ઓફ આર્ટસ કોલેજમાં** તા. ૧૯ નવેમ્બર, ૨૨ના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમ, પ્રતિભાશાળી વિદ્યાર્થી સન્માન સમારંભ તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થી સન્માન સમારંભ યોજવામાં આવ્યો.

વિદ્યાર્થીઓ દ્વારા ગરબા, ડાન્સ, નાટિકા, ગીત રજૂ કરવામાં આવ્યા. વર્ષ ૨૦૨૧માં બી.એ., બી.કોમ, બી.એસ.સી. ના છેલ્લા સેમિસ્ટરમાં દરેક વિષયમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ મોમેન્ટો આપી સન્માનીત કર્યા હતા. કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જે વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ સ્થાન ધરાવે છે તેવા વિદ્યાર્થીઓનું પ્રમાણપત્ર મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પાટણ જૈન મંડળના પ્રમુખ **શ્રી દાનેશભાઈ શાહ,** મંત્રી **શ્રી રાજેન્દ્રભાઈ શાહ,** કોલેજના ટ્રસ્ટી **શ્રી રવિભાઈ શાહ, શ્રી હેમંતભાઈ શાહે** વિશેષ હાજરી આપી હતી. ઉપસ્થિત મહેમાનશ્રીઓ દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો. સ્વાગત પ્રવચન આચાર્ય **ડૉ. કમલભાઈ પંડ્યાએ** કર્યું. મહેમાનોએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમની આભાર વિધિ **ડૉ. પારસભાઈ ખમારે** કરી હતી. વિદ્યાર્થીઓએ તેમના પ્રતિભાવો રજુ કર્યા હતા. અંતે સાથે ભોજન કર્યા બાદ કાર્યક્રમ સંપન્ન થયો હતો.



# શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણ



શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણ ખાતે ગત દિનાંકના રોજ નવનિર્મિત પ્રાથમિક શાળાના દાતાશ્રી **ત્રિભોવનભાઈ ડી. પટેલનો** સન્માનનો કાર્યક્રમ સંસ્થાના પ્રમુખશ્રી **દાનેશભાઈ વી. શાહ,** ટ્રસ્ટીશ્રી **દિપકભાઈ આર. શાહ** ઉપપ્રમુખ **શ્રી જનકભાઈ એ. શાહ, રાજેન્દ્રભાઈ જે. શાહ, હેમંતભાઈ કે. સાલવી,** વિદ્યાલય માનદમંત્રી **શ્રી ભરતભાઈ સી. શાહ,** સભ્ય **શ્રી નિખીલભાઈ આર. શાહ, શ્રી જીગરભાઈ જી. શાહ** વિગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. **પ્રમુખશ્રી દાનેશભાઈ શાહે દાતાશ્રીને** તિલક કરી શાલ ઓઢાડી બહુમાન કર્યું હતું. સ્થાનિક સમિતિ તરફથી પણ સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત પ્રસંગે દાતાશ્રીના પરિવારની ઉપસ્થિતિ રહી હતી. **આચાર્યશ્રી ડૉ. બી.આર. દેસાઈ** સાથે દાતાશ્રીનો તથા સંસ્થાના હોદ્દેદારોશ્રીનો પરિચય કરાવી તેમજ બુકે આપી સ્વાગત કરાયું હતું.

દાતાશ્રી તરફથી રૂા. ૫૧,૦૦,૦૦૦/- એકાવન લાખનો ચેક પ્રમુખશ્રીને અર્પણ કરાયો હતો તેઓએ તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે આ તો શાળામાંથી મળેલ શિક્ષણ સંસ્કારનું ઋણ અદા કરી રહ્યો છું.... ધન્ય છે દાતાશ્રીને.....

❑ **વિદ્યાલય સમિતિ**

## શ્રી પાટણ જૈન મંડળ જીવન મહેક આયોજીત
## અપરિણિત યુવક-યુવતીઓ માટેની પીકનીક







મંડળની જીવન મહેક સમિતિ દ્વારા સમાજનાં અપરિણિત યુવક-યુવતીઓ માટેના ફ્રેન્ડશીપ ગ્રુપમાં જોડાયેલા યુવક-યુવતીઓ માટે **રવિવાર તા. ૦૮-૦૧-૨૦૨૩ના આયુષ રીસોર્ટ, પનવેલ** ખાતે એક દિવસીય પીકનીકનું આયોજન કરવામાં આવેલ છે, તેમાં ભાગ લેવા ઈચ્છતા ફ્રેન્ડશીપ ગ્રુપના સભ્યોએ આ સાથે **પાછળના પાના** ઉપર છાપવામાં આવેલ ફોર્મ સંપૂર્ણ વિગતોસહ ભરી રૂા. ૫૦૦/- વ્યક્તિ દીઠ (Non refundable) સંસ્થામાં નીચે મુજબના કાર્યાલય ખાતે ભરપાઈ કરવા.

રજિસ્ટ્રેશન ફોર્મ મંડળની વેબસાઈટ patanmandal.org ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે. એક કરતા અધિક ફોર્મની જરૂરત હોય તો આ ફોર્મની ઝેરોક્ષ કરાવી લેવી. આ ફોર્મ નીચે જણાવેલ સંસ્થાના કાર્યાલયોમાંથી પણ પ્રાપ્ત કરી શકશો.

(૧) **શ્રી પાટણ જૈન મંડળ - મુખ્ય કાર્યાલય :** ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦. ફોન : ૨૨૮૧૧૩૪૬ / ૮૭૭૯૧૬૧૨૦૯

(૨) **શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય :** રૂપમ, ૧૫૨, જવાહર નગર, ગોરેગામ (વે), મુંબઈ - ૪૦૦૦૬૨.
સમય: ૯.૩૦થી ૧૨.૩૦ અને ૪.૦૦ થી ૭.૦૦ ફોન : ૯૧૫૨૯૯૮૮૬૫

(૩) **શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય :** એ-૨૩/૧, રતનનગર, દીપ નારાયણ દુબે માર્ગ, બોરીવલી (ઈ), મુંબઈ -૪૦૦૦૬૮
સમય: ૯.૩૦થી ૧૨.૩૦ અને ૩.૩૦થી ૬.૩૦ ફોન: ૨૮૯૧૧૩૦૮

**વધુ વિગત માટે સંપર્ક :**

ઉપપ્રમુખ શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વિમાવાળા) મો. 9323742789

માનદમંત્રી શ્રીમતી મોનાબેન વિમલેશભાઈ શાહ મો. 9323953779

માનદમંત્રી શ્રીમતી હેમાબેન દર્શનભાઈ શાહમો. 9769369196

માનદમંત્રી શ્રી સંજયભાઈ કીર્તિલાલ શાહ મો. 9819007469

**ખાસ નોંધ:**

વહેલામાં વહેલી તકે આપ રજિસ્ટ્રેશનની રકમ ઓનલાઈન પણ ભરી શકો છો ગુગલ પે ૯૦૦૪૭૬૪૬૪૯ (રાજા) અને પછી તેના પેમેન્ટનું સ્ક્રીનશોટ શ્રીમતી મોનાબેન શાહ મો. નં. ૯૩૨૩૯૫૩૭૭૯ ઉપર મોકલવું.

❑ જીવન મહેક સમિતિ




# SHREE PATAN JAIN MANDAL JEEVAN MAHEK COMMITTEE
# ONE DAY PICNIC FORM
# SUNDAY , 8 JANUARY , 2023

FORM NO. ____________________

CANDIDATE'S FULL NAME ______________________________ AGE ________ M/F_____

PATAN'S MAHOLLO ______________________________________________

FULL ADDRESS ______________________________________________

______________________________________________________________

CITY ______________________________ PIN CODE ______________________

MOBILE ______________________________ RESI. NO. ______________________

EMAIL ______________________________________________________

PICK UP PLACE______________________________ SIGNATURE ______________________

Rs. 500/- (Per Person) Rupees in Word Five Hundred Only ( Non Refundable )

Receiver's Signature ________________________ Date of Receipt ________________

Last date of submission form As soon as possible

Note : (1) Candidate Travels at there own responsibility

(2) Confirmation Subject to availability on First come first Basis

Form Submission : MARINE DRIVE, GOREGAON, BORIVALI Branch

You can also deposit your Amount on GPay on 9004764649 (Raja)
and than send a Screenshot of the Form and Payment Riciept
to Mrs. Mona Shah Mo. 9323953779

---

**OFFICE USE ONLY**

FORM NO. ____________________

## SHREE PATAN JAIN MANDAL JEEVAN MAHEK COMMITTEE
## ONE DAY PICNIC FORM , SUNDAY, 8 JANUARY. 2023

CANDIDATE'S FULL NAME ______________________________________________

Rs.500/- Rupees in Word Five hundred only Received Date ____________ ( Non Refundable )

PICK UP PLACE ________________

Receiver's Signature ________________________ Date of Receipt ________________

# PATAN CO-OPERATIVE BANK LTD.

**HEAD OFFICE & MAIN BRANCH**

Rasik Niwas, 75, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai – 400 020.
Tel : 2281 7444, 2281 5290, 2281 9403
Email Id : bmmarine@patanbank.com / ho@patanbank.com

**GOREGAON BRANCH**

'Varsha', Gr. Floor, 75, Jawahar Nagar, Opp. Jain Temple, Goregaon (West), Mumbai - 62.
Tel. : 2875 0653 • Telefax : 2875 0616 • Email Id : bmgoregaon@patanbank.com

## Time to raise each other..
## Come & avail loan facility at the most reasonable rates.

Patan Co-operative Bank is inviting loan applications from All Patnis, their Friends & Associates .
We promise you for the best interest rate and our loan processing fees and charges are the lowest in the market. We assure for quick disbursement.

| | |
|---|---|
| 1) **Working Capital** (Against Stock & Debtors) Limit from Rs. 10.00 Lakhs to Rs. 150.00 Lakhs | 9.50% to 11.75% p.a (grade wise) |
| 2) Overdraft against property<br>Term Loan against property | 10.25 to 11.00% p.a<br>9.00 to 9.50% p.a |
| 3) Personal loans/ Consumer loans personal sureties. (TL)<br>Personal Loan (OD) (maximum Rs.3.00 lakhs) | 11.00% p.a (for salary deduction)<br>11.50% (For others)<br>12.00% p.a |
| 4) Housing loans (Maximum Rs.60.00 Lakhs.) | 7.50% p.a<br>7.25% (women) |
| 5) Vehicle Loans (New) (maximum Rs.40.00 Lakhs) (Loan up to Rs.20.00 Lakhs) | 7.50% p.a-General<br>8.00% p.a-commercial |
| 6) Advance against NSC/KVP/ Govt. Securities/ LIC Policy)<br>Term Loan<br>Overdraft (Max. Rs.35 lakhs) | 8.00% p.a<br>8.50% p.a. |
| 7) Advance against Shares (upto Rs. 10.00 lakhs) (Only Demat Shares) | 10.00 p.a |
| 8) Advance against Gold Ornaments. (Min. Rs. 0.25 lakhs & Max. Rs.10.00 Lakhs)<br>For Margin of 35%<br>For Margin of 25% | 8.25% p.a<br>8.50 % p.a. |
| 9) Education Loan In India- Rs.15.00 lakhs<br>For Abroad- Rs.20.00 lakhs<br>**Under Member Welfare Fund:**<br>**4% Rebate in Interest upto Rs. 5.00 lakhs**<br>Up to Rs.0.50 Lakhs is free of interest (For members.) | 9.00 % p.a |
| 10) Medical loan (Max. Rs.2.00 Lakhs)<br>**Under Member Welfare Fund:**<br>**4% Rebate in Interest.**<br>Up to Rs.0.50 Lakhs is free of interest (For members.) | 9.00% p.a |
| 11) Loan against FD | 1% over the FD rate |

# સિંહ ભૂખ્યો રહે પણ ઘાસ ના ખાય

સદાકાળથી વિશ્વમાં હંમેશા લોકો સફળતાને પૂજે છે અને નિષ્ફળતા દર દરની ઠોકર ખાય છે. આ એક સનાતન સત્ય છે તેમાં જાતિ, જ્ઞાતિ કે દેશ વિદેશ એવો કોઈ અપવાદ નથી, પછી તે વાત ભારત જેવા વિકાસશીલ દેશની હોય કે અમેરિકા જેવા વિકસિત દેશની લોકોનો અભિગમ એક સરખો જ હોય છે.

સામાન્ય માણસ જ્યારે જિંદગીમાં સ્ટ્રગલ કરતો હોય અને બે ટંક ખાવાના સાંસાં હોય ત્યારે તેને લાઈફમાં જે કોઈ મળે કે જેનાથી તે તેની ભૂખ મિટાવી શકે અને લાઈફમાં થોડો ઘણો કમ્ફર્ટ મેળવી શકે તે સ્વીકારી લે છે અને તે ક્યારેય તેની જાતને એ સવાલ નથી પૂછતો કે તેની હેસિયત અને લાયકાત મુજબનું મળેલ છે કે ઉતરતી કક્ષાનું ? ભૂખનું દુ:ખ અને કૌટુંબિક જવાબદારીનું એટલું મોટું પ્રેસર હોય છે કે તે જિંદગી સાથે સમાધાન કરી લે છે, પણ દુનિયામાં કેટલાંક એવા પણ અસાધારણ લોકો હોય છે કે તે આવા સંજોગોમાં ભાંગી નથી પડતા અને તેની ખુમારી ટકાવી રાખે છે, નો ડાઉટ, આના માટે તેમણે મોટી કિંમત પણ ચૂકવવી પડે છે પણ સફળતાનું પણ કંઈક મૂલ્ય તો હોય જ ને ! આવી જ એક વ્યક્તિ એટલે હોલીવૂડની વિખ્યાત હસ્તી ''સિલવેસ્ટર સ્ટેલોન !''

સિલવેસ્ટર સ્ટેલોનઃ અમેરિકાના ફિલાડેલ્ફિયામા સ્કૂલમાં ભણતા ભણતા જ સિલવેસ્ટરને નાનપણથી જ એક્ટિંગનો ચસકો લાગી ગયેલો હતો અને તેથી યુનિવર્સિટી ઓફ મિયામીમાંથી ડ્રામાનો કોર્સ કર્યો હતો, તેણે એક્ટિંગની સાથે સ્ટોરી રાઈટિંગમાં પણ રસ હતો તેથી સમય મળે ત્યારે સ્ટોરીઓ પણ લખી લેતો હતો. એક્ટિંગનો ચસકો એટલો મોટો હતો કે ફ્લોરિડામાં કોલેજનો અભ્યાસ અધૂરો છોડીને ન્યુયોર્ક એક્ટિંગમાં કેરિયર બનાવવા આવી પહોંચ્યો. ન્યુયોર્કમાં કોઈ એવો નિર્માતા નહીં હોય કે ત્યાં તેણે એક્ટિંગ માટે ઓડિશન ન આપ્યું હોય પણ બધેથી રિજેક્શન જ મળ્યું. એક્ટિંગમાં સફળતા ન મળે ત્યાં સુધી તેણે નિરાશ થવાને બદલે પોતાને બીઝી રાખવા માટે તેણે સ્ટોરી અને સ્ક્રીનપ્લે લખવાનું ચાલુ કરી દીધા. તેની એક્ટિંગ કેરિયરની શરૂઆતમાં તેને ''ધ લોર્ડઝ ઓફ ફ્લેશબુક'' માં એક રોલ મળ્યો અને સાથે સાથે ટાયટલ્સમાં તેનું નામ 'એડિશનલ ડાયલોગ રાઈટર' તરીકે પણ ચમક્યું.

પણ આ ફિલ્મ પછી પણ તેને ખાસ કંઈ ફાયદો નહીં થયો અને ફરી પાછું ઓડિશન આપવાનું, તેમાં ફેઈલ થવાનું અને નવરાશના સમયમાં સ્ટોરી અને સ્ક્રીન પ્લે લખવા સિવાય તેની પાસે કોઈ કામ ના રહ્યું. નાણાંકીય ભીડ સખત હતી. ઘરની જરૂરિયાતો સંતોષાતી ન્હોતી. રોજેરોજ ઓડિશન આપવા જવાનું રૂટીન થઈ ગયું હતું. બારે મહિના આ સીલસીલો ચાલુ હતો, ન્યુયોર્કમાં શિયાળામાં ઠંડી ખૂબ પડતી હોય એક દિવસ ઠંડીથી બચવા સિલવેસ્ટરે એક લાઈબ્રેરીમાં હિટરની ગરમી મેળવવા આશરો લીધો. (અમેરિકામાં પબ્લિક લાઈબ્રેરીમાં એન્ટ્રી ફ્રી હોય છે) ગરમી મળતા તેને સારું લાગ્યું અને ટાઈમપાસ કરવા માટે લાઈબ્રેરીમાં ટોલ્સટોય વગેરેની બુકો વાંચવા લાગ્યો, પછી તો તેને આ બુકો વાંચવાની આદત પડી ગઈ. કારણ કે તેમાંથી તેને તેના લેખનને મદદ કરતું સાહિત્ય મળતું હતું.

સિલવેસ્ટરની લાઈફનું એકજ ડ્રીમ હતું કે કેરિયર બનાવવી તો એક્ટિંગમાં જ તેથી તેણે તેમાં કોઈ પણ સમાધાન નહીં કરતા કોઈપણ નાનું મોટું અન્ય કામ સ્વીકાર્યું નહીં, પણ આના કારણે પૈસાની હંમેશા ખેંચ રહેતી હતી તેથી એક વખત તો પત્નીના દાગીનાઓ વેંચીને ઘર ચલાવવાનો વખત પણ આવી ગયેલ હતો.

કામ વગરનો સિલ્વેસ્ટર એક વેપનર વચ્ચેની બોક્સિંગ મેચ જોઈ રહ્યો હતો. જેમાં મહમદઅલીએ મુક્કા મારીને વેપનરને અધમૂવો કરી નાખેલો હતો અને વેપનર જાણતો પણ હતો કે તે અલીને હરાવી શકે તેમ નથી. તેમાં છતાં તે હિંમત એકઠી કરીને ઊઠી ઊઠીને અલીને ફાઈટ આપતો હતો. આમ વેપનરે નમતું ના જોખતા ફાઈટિંગ ચાલુ રાખી હતી. આ જોઈને સિલવેસ્ટરને પ્રેરણા મળી અને સતત ૨૪ કલાક બેસીને એક સ્ટોરી અને સ્ક્રીનપ્લે લખી કાઢ્યાં અને તેનું નામ આપ્યું 'રોકી.'

આ સ્ટોરી અને સ્ક્રીનપ્લે લઈને તેણે નિર્માતાઓનો સંપર્ક કરવાનું શરૂ કર્યું પણ કોઈ કરતા કોઈએ તેમાં રૂચી નહીં બતાવી. રોકીનો સ્ક્રીનપ્લે લઈ કોઈ ફિલ્મ પ્રોડ્યુસ કરવા તૈયાર ના હોય. મહિનાઓ સુધી તેના પ્રયત્નો ચાલુ રાખવા. આ સમય દરમ્યાન આવકનું કોઈ સાધન ના હોય જીવન નિર્વાહ ચલાવવો મુશ્કેલ હતો. પરિસ્થિતિ એટલી હદે ખરાબ થઈ ગઈ કે એકવાર મજબૂરીથી તેના પાળીતા શ્વાનને વેંચીને ઘર ચલાવવાની નોબત આવી ગઈ. તે ઘર નજીક આવેલી એક લિકર શોપમાં તે તેના પાળીતા શ્વાનને લઈને ઊભો રહ્યો અને શોપ ઉપર આવતા ગ્રાહકોને તે ખરીદવાની ઓફર આપવા લાગ્યો. આખરે એક ગ્રાહકે ૫૦ ડોલરમાં આ શ્વાન ખરીદી લીધો અને બહુ દુ:ખી થઈને સિલવેસ્ટરે તેના પ્રિય શ્વાનને સોંપી દીધો. ૫૦ ડોલર સિલવેસ્ટર માટે બહુ મોટી રકમ હતી.

આ બાજુ 'રોકી'ની સ્ટોરી વેચવા માટે તેના પ્રયત્નો ચાલુ જ હતા. એક દિવસ એક નિર્માતા 'રોકી'ની સ્ક્રીપ્ટ ખરીદવા તૈયાર થઈ ગયા, પણ સિલવેસ્ટરની કન્ડિશન હતી કે રોકીનો ટાઈટલ રોલ તે પોતે જ ભજવશે જે નિર્માતાને મંજૂર નહોતું, તેણે સિલવેસ્ટરને સમજાવ્યો કે તેણે સ્ક્રીપ્ટના નાણાં લઈ તેનું દારિદ્રય દૂર કરવું જોઈએ પણ સિલવેસ્ટરને તે વાત મંજૂર ના હોય વાત ત્યાં જ અટકી ગઈ.

નિર્માતાને સ્ક્રીપ્ટ એટલી બધી પસંદ આવી ગયેલી કે તેણે થોડા દિવસ પછી ફરી તેનો કોન્ટેક્ટ કર્યો અને એક લાખ ડોલરની કિંમતે 'રોકી'ને સ્ક્રીપ્ટ ખરીદવા તૈયાર થઈ ગયો પણ ફરી સિલવેસ્ટરે આગ્રહ રાખ્યો કે હીરો તો તે જ હશે, તેથી વાત આગળ ના વધી. સિલવેસ્ટર

રોલ ના ભજવે તે માટે નિર્માતાએ સ્ક્રીપ્ટનો ભાવ વધારીને ૪ લાખ ડોલર કરી દીધો જેના પાસે ફૂટી કોડી નહોતી તેવા સિલવેસ્ટર માટે ૧૯૭૫માં ૪ લાખ ડોલર એ બહુ મોટી રકમ હતી. છતાં પણ તે માત્ર સ્ક્રીપ્ટ વેંચવા તૈયાર નહીં થયો. આખરે કંટાળીને નિર્માતા સિલવેસ્ટરને 'રોકી'ને રોલ આપવા તૈયાર થયા પણ રોકાણનું જોખમ ઓછું કરવા અને એક્ટિંગ પેટે ચૂકવ્યા માત્ર ૨૫૦૦૦ ડોલર.

ડીલ સાઈન થતાં જ સિલવેસ્ટર લીકર શોપે પહોંચી ગયા કે જ્યા તેણે કૂતરો ૫૦ ડોલર્સમાં વેંચેલો, સતત ત્રણ દિવસ રાહ જોયા બાદ ચોથે દિવસે જેણે તેનો કૂતરો ખરીદેલો તે માણસ ત્યાં લીકર ખરીદવા આવ્યો. સિલવેસ્ટરે ૧૫૦ ડોલરમાં તે કૂતરો પાછો ખરીદવાની ઓફર આપી પણ પેલો માણસ પણ હોશિયાર હતો તે તેના ભાવ વધારતો ગયો અને અંતમાં ૧૫૦૦ ડોલર્સ અને 'રોકી' ફિલ્મમાં તેને એક નાની ભૂમિકા કરવા આપશે તે શર્તે કૂતરો પાછો વેંચ્યો. 'રોકી'માં સિલવેસ્ટરનો કૂતરો અને કૂતરાને ખરીદનાર બન્ને રોલ પ્લે કર્યા છે.

૧૯૭૬માં 'રોકી' સુપરડુપર હિટ મુવી હતી. બેસ્ટ મુવી, બેસ્ટ એક્ટર સહિત ૧૦ એકડેમી એવોર્ડ માટે તેને નોમીનેશન મળેલું અને બેસ્ટ પીક્ચર, બેસ્ટ ડાયરેક્ટીંગ અને બેસ્ટ એડીટીંગ માટે એકેડેમી એવોર્ડ આપવામાં આવેલા હતા. સિલવેસ્ટર જ્યારે એવોર્ડ સેરેમનીમાં સ્ટેજ ઉપર આવેલ ત્યારે જ છાપાઓ કે મેગેઝિનોએ લખેલું કે નિર્માતાને 'રોકી'માં સિલવેસ્ટરને રોલ આપવાનું જોખમ ભારે પડી જશે તેના કટીંગ્ઝ સિલવસ્ટરે સાથે લાવીને સ્ટેજ પર લોકોને વાંચી સંભળાવીને કહ્યું કે તેઓ કેટલા ખોટા પડ્યા છે. 'રોકી' પછી તો સિલવેસ્ટરે પાછુ વાળીને જોવાની જરૂર નથી પડી અને આજે તો હોલીવૂડના સફળ કલાકારોમાં તેની ગણના થાય છે.

સિલવેસ્ટરે લોકોને કરી બતાવ્યું કે જિંદગીમાં સફળ થવા માટે ધનવાન મા-બાપ, મોટી ડિગ્રી, કોઈની શિફારીશ કે અસાધારણ પ્રતિભાની જરૂર નથી, જરૂર છે માત્ર એક ડ્રીમની અને તેને પૂર્ણ કરવા માટેના સંઘર્ષની. સિલવેસ્ટરની જો આ માન્યતા સામાન્ય ઈન્વેસ્ટર પણ તેના ઈન્વેસ્ટમેન્ટના નિર્ણયોમાં રાખે કે તેઓ કોઈપણ લાલચમાં આવ્યા વગર તેના રોકાણના પેરામીટર્સને જે ફોલો કરશે અને શોર્ટ ટાઈમમાં નાણા કમાવા માટે કે જલ્દી અને વધારે નફો કમાવવાની લાલચમાં ઈન્વેસ્ટમેન્ટમાંથી સ્પેક્યુલેટર નહીં બની જાય તો તેઓ પણ રોકાણમાં સિલવેસ્ટરની જેમ સફળતા મેળવી શકે છે.

સિલવેસ્ટરે સાબિત કરી બતાવ્યું કે જિંદગીમાં બનતી નાની મોટી દુર્ઘટનાઓમાંથી ઘણી વસ્તુઓ શીખવા જેવી છે જેમ કે ઠંડીથી બચવા લાઈબ્રેરીમાં જતા તેણે ઉત્તમ કક્ષાનું વાંચન કરીને સમયનો સદઉપયોગ કરી જ્ઞાન મેળવ્યું જે ભવિષ્યમાં ગોલ્ડમાઈન સાબિત થઈ શક્યું. ટીવી માત્ર મનોરંજનનું સાધન નહીં ગણતા તેના પ્રોગ્રામોમાંથી લાઈફની ફિલોસોફી શીખી જેમાંથી લાઈફ ચેન્જિંગ 'રોકી'નો જન્મ થયો. જે તેણે સતત ૨૪ કલાક બેસીને પૂરુ કરવા એકદમ કમિટેડ રહો. શ્વાન કોઈપણ કિંમતે પાછો મેળવ્યો તે બતાવે છે કે લાઈફમાં સેન્ટિમેન્ટ જેવી પણ કોઈ ચીજ છે, તમારું ડ્રીમ ખુલ્લી આંખે જીવો. કસોટીકાળ બધાની જિંદગીમાં ક્યારેક તો આવે જ છે પણ ત્યારે તેનો સામનો કરો. લાઈફમાં જલદી સમાધાન નહીં કરી લ્યો, અને તમારામાં હિમાલય જેવડો આત્મવિશ્વાસ રાખો કે એક દિવસ હું મારું ડ્રીમ જરૂર ફૂલફીલ કરીશ તો તે થશે જ અને તેથી જ સિલવેસ્ટરે જ્યારે તેના કપરા કાળમાં પણ ૪ લાખ ડોલર લઈને પણ જો તેને એક્ટિંગ ના કરવા મળે તો 'રોકી'ની સ્ક્રીપ્ટ વેચવાની તૈયારી ના બતાવી તે બતાવે છે કે, ''સિંહ ભૂખ્યો રહે પણ ઘાસ ના ખાય.''

સંકલન:


**ઉત્કૃષ્ટ, સ્વાદિષ્ટ તથા પૌષ્ટિક જૈન ભોજન માટે અવશ્ય પધારો**

**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત**

**શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

**ટાંગડિયા વાડો, પાટણ– ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩**

**નૂતન સહાય યોજના**

- મુખ્ય આધાર સ્થંભ: રૂા. ૩,૧૧,૦૦૦/- • સહાયક આધાર સ્થંભ: રૂા. ૧,૧૧,૦૦૦/-
- દાતા ફોટો યોજના: રૂા. ૫૧,૦૦૦/- રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળામાં મૂકવામાં આવશે.
- રૂા. ૪૦,૦૦૦/- એક સાધર્મિકને ૧ વર્ષ માટે રોજના બે સમય ભોજન માટે.
- વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના: રૂા. ૫,૦૦૦/- ચતુર્વિધ સંઘ સહાયક ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો. • તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીઓના નામ લખવામાં આવશે.

**સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘની ગણના પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સેવાનું ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ – મો. ૯૮૨૧૦૩૫૦૧૧

સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ ❋ મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ

ADVT

# શત્રુંજયતીર્થ ઉપર એક ઐતિહાસિક કથા વ્યક્ત કરતું અનોખું શિલ્પ

આ સાંઢણી - તેની ઉપર બેઠેલા શેઠ - તેની નીચે દોરડું લઈને બેઠેલો રબારી - આ બધું શું છે ? અહીં આ બધાનું પ્રયોજન શું છે ? આ શિલ્પની પાછળ એક ઈતિહાસ છૂપાયો છે. વાત આમ બની હતી : આજથી લગભગ ૮૦૦ વર્ષ પહેલાની વાત છે. અણહિલપુર પાટણમાં ઘીવટો છે ત્યાં મણિયાતી પાડો છે, તેમાં શેઠ કામાશા નામના શ્રાવક વસે. તેમને પરિવારમાં ત્રણ પુત્ર અને એક પુત્રી. તે ત્રણ પુત્રમાં એકનું નામ પ્રતાપદાસ. પ્રતાપદાસ બાળ બ્રહ્મચારી પુરુષ હતા. બીજા ભાઈઓનો પરિવાર હતો. તેમનો વંશ આજે પણ હયાત છે. આખું કુટુંબ ધર્મના રંગથી રંગાયેલું હતું. ગમે તે કારણ હોય, શેઠ પ્રતાપદાસ શ્રી વાસુપૂજ્યસ્વામીજીની ખૂબ ભક્તિ કરતા. તપસ્વી પણ ખરા. શ્રી સિદ્ધિગિરિરાજ પ્રત્યે તેમનાં હૃદયમાં અતિશય ભક્તિ બહુમાન.

કાર્તિકી - ચૈત્રી પૂર્ણિમાની યાત્રા અવશ્ય કરે અને તે પણ કાર્તિક સુદિ ૧૩-૧૪ અને પૂનમનો ચોવિહારો અઠ્ઠમ કરવા પૂર્વક કરે. વાત તો એવી છે કે સુદિ ૧૪નું ચોમાસી પ્રતિક્રમણ કરીને ઊંટડી ઉપર નીકળે. ઊંટડી અને રબારી તૈયાર જ હોય. પાટણ પાસેના ખારી વાવડી ગામના જ આ રબારી. પવનવેગી ઊંટડી સાથે હાજર હોય. બીજે દિવસે બાર વાગ્યા પહેલા તો દાદાના દરબારમાં હાજર થઈ જાય. આ સિલસિલો વર્ષો સુધી એક પણ વર્ષના ખાંચા વિના ચાલુ રહ્યો. દર કાર્તિક પૂર્ણિમાં, ચોમાસી પ્રતિક્રમણ, ચોવિહારો અઠ્ઠમ, ગિરિરાજની યાત્રા - તેમાં એક વાર એવું બન્યું કે, ચોમાસામાં વરસાદ થયેલો નહીં, ને આસો - કારતકમાં જ ઉનાળા જેવા તડકા પડવા લાગ્યા. પ્રતાપદાસને ચોવિહારો અઠ્ઠમ આકરો લાગ્યો. પણ જાત્રા કરવી તે કરવી. નીકળ્યા તો ખરા, પણ વલ્લભીપુર પહોંચતા - પહોંચતા તો ભારે તાપ, તરસ ને થાકે ઘેરી લીધાં. માંડ માંડ ગિરિરાજ પહોંચ્યા, પણ આગળ ઉપર જઈ ન શક્યા. તળેટીમાં જ - ગિરિરાજના ચરણે અને આદીશ્વર દાદાનાં શરણે એક સાથે ત્રણેનો કાળધર્મ થયો. સ્વર્ગવાસ થયો. ત્રણેયનું જીવન ધન્ય બન્યું. મૃત્યુ ઉત્સવ બન્યું. સકળ સંઘે આ ત્રણે ઉત્તમ જીવોની ત્રિવિધે અનુમોદના કરી, અને કાળનો કાટ ન લાગે તેવું કામ કરીને અમર બની ગયેલાની કાયમી અનુમોદના થતી રહે તે માટે શ્રી સંઘે આ શિલ્પ રચીને ચિરસ્મરણીય સ્મારક કર્યું. આ સમાચાર પાટણમાં કાર્તિક વદિ બીજના દિવસે મળ્યા. એટલે અત્યારે પણ એમનાં કુટુંબમાં એ દિવસ ઉજવાય છે. આખું કુટુંબ ભેળું થાય છે. મણિયાતી પાડામાં તેઓનું ઘરદેરાસર છે. તેમાં આ કાકાજી સાહેબ (તેમના કુટુંબના બધા સભ્યો પ્રતાપદાસ શેઠને કાકાજી સાહેબના નામે વર્ણવે છે) સાંઢણી ઉપર બેઠા છે અને રબારી પણ છે, તેવું એક લગભગ ૨૫૦-૩૦૦ વર્ષ જૂનું ભીતચિત્ર છે.

વળી આવા પુણ્યશાળી જીવે વ્રત-પચ્ચકખ્ખાણમાં ગિરિરાજની ભક્તિ કરતાં કરતાં પરલોકે પ્રયાણ કર્યું, તેથી તેમની એક કાયોત્સર્ગ મુદ્રામાં પંચ ધાતુની મૂર્તિ પણ ભરાવવામાં આવી છે. એ મૂર્તિ હાલ પાટણમાં ઝવેરીવાડામાં શ્રી વાડી પાર્શ્વનાથજીના દેરાસરમાં છે.

આ ત્રણે ધન્ય આત્માનાં દર્શન ત્યાં થાય છે. આમ તો આ સાંઢણી, શેઠ અને રબારી પાસે કોણ જાય ? એટલે પૂર્વપૂરુષોએ આને પુણ્ય-પાપની બારીનું સુંદર-તમામ બાળજીવોને આકર્ષણ જાગે તેવું - રૂપ આપી દીધું ! અને આમે ય વાત સાચી જ છે ને ! શુભ મન-વચન-કાયાથી ગિરિરાજની યાત્રા એ પુણ્યની બારી છે અને અશુભ મન-વચન અને કાયાછી થયેલી યાત્રા તો પાપની બારી બની જાય ! કેવી સુંદર ઐતિહાસિક કથા આ શિલ્પમાં કંડારી છે !

❑ આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિજી મ.સા.




# પ. પૂ. સિદ્ધાન્ત દિવાકર સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષ સૂરીશ્વરજી મહારાજાની સમાધિ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ અહેવાલ

કેટલાંક વ્યક્તિઓ અત્યંત ગુણવાન હોય છે, પણ પોતાનામાં જ મસ્ત હોય છે.
કેટલાંક વ્યક્તિઓ અન્ય પર સતત ઉપકાર કરતા રહે છે, પરંતુ જીવનમાં કદાચ ઊંચી ગુણ ગરિમા ના દેખાય તેવું બને.
પરંતુ કોઈક વ્યક્તિ **ગુણોના ગૌરી શંકર, કરૂણાના કંચન જંઘા** અને **ઉપકારિતાના એવરેસ્ટ** પર એક સાથે બિરાજમાન હોય તેવું વિરાટ વ્યક્તિત્વ એટલે...

**સિદ્ધાંત દિવાકર પૂ. આ. દે. શ્રી વિજય જયઘોષ સૂરીશ્વરજી મહારાજા**

* એવી એક લાયબ્રેરી જેમાં શાસ્ત્રની કોઈપણ વિગત જાણવા માટે રજીસ્ટર ખોલવાની કે કોમ્પ્યુટરની ચાંપ દબાવવાની જરૂર નહોતી પડતી, માત્ર તમે પૂછો... અને તુરંત ગ્રંથના નામ, પાના નંબર અને ગાથા નંબર સાથે જોઈતી વિગત પ્રાપ્ત.
* એવું એક ગુગલ જેમાં ક્યારેય સર્ચ - રીઝલ્ટના હેડીંગ નીચે **No Result Found** જેવા સ્ટેટમેન્ટ ના આવે માત્ર છાપેલી વિગતો જ નહીં **Between The Lines** પણ મળી રહે.

અને એટલે જ તેઓશ્રીની ગેરહાજરી આજે ત્રણ વર્ષ વિતિ ગયા પછી પણ સહુને સાલી રહી છે.

ભાવ નિક્ષેપે તો પૂજ્યશ્રી હાજર નથી પરંતુ સ્થાપના નિક્ષેપે તેઓશ્રીને બિરાજમાન કરવા માગસુર સુદ ૧૧, તા. ૦૩-૧૨-૨૦૨૨ થી માગસર વદ, ૩ તા. ૧૧-૧૨-૨૦૨૨ દરમ્યાન આંબલી (અમદાવાદ) મુકામે સમાધિ મંદિરનું નવ દિવસીય મહોત્સવ ધામધૂમ પૂર્વક ઉજવાયો. જેમાં મુખ્યત્વે તા. ૧૧ના પાવન પ્રતિષ્ઠા વિધીકાર **શ્રી મુકેશભાઈ ડભોઈવાલા, સંગીતકાર હર્ષિલ શાહ અને ભાવિક મહેતા તથા સંચાલક સંજયભાઈ વખારીયાની** ઉપસ્થિતિમાં ઉજવાયો.



**આ મહોત્સવ એટલે ગુરુ ચેતનાને અંતરથી ઝીલવાની...**
**કૃતજ્ઞભાવની ધારાએ વહેવાની...**
**ગીતાર્થતાનાં ગિરિતીર્થને જુહારવાની...**
**પ્રકર્ષના દરિયામાં ડૂબકી મારવાની...**
**ભીતરથી ભીનાં થવાની ક્ષણ...**

## મહોત્સવની વિશેષતાઓ :-

- ૪ ગચ્છાધિપતિ, ૩૫ આચાર્ય ભગવંત સહિત ૧૨૦૦ થી અધિક શ્રમણ-શ્રમણી ભગવંતોની ઉપસ્થિતિ
- **પૂ. આ. શ્રી રત્નસુંદર સૂરીશ્વરજી મ.સા.ની** પ્રેરણાથી તથા શ્રી કુમારપાળભાઈના માર્ગદર્શનથી ૫૫૦૦ પરિવારને બે વાર રૂા. ૫ - ૫ હજારની સાધર્મિક ભક્તિ.
- **પૂ. આ. શ્રી ઉદયવલ્લભ સૂરીશ્વરજી મ.સા.ની** પ્રેરણાથી **શ્રી સમકિત યુવક મંડળના** અન્વયે ૨૦૦૦ પરિવારોને રૂા. ૫૦૦૦ અને ૧૦૦ પરિવારોને રૂા. ૨૫૦૦ ની સાધર્મિક ભક્તિ.
- સમુદાયના શ્રમણ-શ્રમણી ભગવંતો દ્વારા ભદ્રતપ, સિદ્ધિતપ, ધર્મચક્રતપ, એક હજાર આયંબિલ, ૫૦૦ આયંબિલ, વર્ધમાન તપ ઓળી વગેરે વિવિધ ૮૪ પ્રકારની તપશ્ચર્યા. ❖ વિવિધ સંઘમાં ૮૪ દિવસનો સાંકળી ધર્મોત્સવ.
- વારાફરતી અલગ-અલગ સંઘમાં ભક્તિ અનુષ્ઠાન, અંગરચના, પ્રદક્ષિણા, પુષ્પાર્ચન, બાળકોને પ્રભાવના વગેરે અનુષ્ઠાનો.

અમદાવાદ ઓપેરા સોસાયટી સંઘના ગુરુભક્ત **શ્રી જૈમિનભાઈએ** સમાધિ મંદિરની પ્રતિષ્ઠાના દિવસે પારણું આવે તેવી ભાવનાથી ૧૮૦ ઉપવાસની ઉગ્ર તપોયાત્રાનો પ્રારંભ.

- પ્રતિષ્ઠા મહોત્સવની આસપાસમાં પારણું આવે તે રીતે ૧૦૦ મી ઓળીનો પ્રારંભ કરનાર ઘણા શ્રમણ શ્રમણી ભગવંતો.
- મૌન એકાદશિના ૯૮૦ પૌષધ ➤ ૧૧૦૦ ભાઈ-બહેનોનું બાર વ્રત ઉચ્ચરણ
- સમસ્ત રાજનગરમાં બહોળી સંખ્યામાં આયંબીલ. ➤ સાઈરામ દવેનો સંત અને સંસ્કૃતિ ઉપર ડાયરો ➤ રોહીણીઓ ચોર નાટક
- રિવર ફ્રંન્ટ ઉપર વિસ્મય વાટિકામાં ૫૦ ફુટની આબેહુબ ગુરુ મૂર્તિ ➤ રમણિય રથ યાત્રા. ➤ ડિજિટલ શો
- ઝાઝરમાન ગુરુ ગૌરવ શોભાયાત્રા ➤ બાળ મિલન (ગમ્મત સાથે જ્ઞાન) ➤ ઈન્સટન્ટ રંગોળી ➤ આર્ટ ગેલેરી
- વર્ચ્યુલ રિયાલિટીના માધ્યમે પાટણથી પુંડરિકીણી નગરી સુધીની આહલાદક યાત્રા
- નવ પ્રકારની વિવિધ સ્પર્ધાઓમાં રૂા. ૧૫ લાખના ઈનામો ➤ મુંબઈના સુપ્રસિદ્ધ સંગિતકારોની ગીત-સંગીત મહેફીલ

આ ઉપરાંત....

પૂજ્ય જયઘોષસૂરિ મહારાજની આબેહૂબ પ્રતિમાથી યુક્ત અત્યંત સુશોભિત ગુરુયાનનું ગુજરાત તથા મહારાષ્ટ્રના સંઘોમાં વિચરણ થયું. ઠેર ઠેર ગુરુ પ્રતિમાનું ભવ્ય સ્વાગત થયું. દરેક જગ્યાએ હજારો પ્રદક્ષિણા થઈ. ગુણાનુવાદ થયા.. ગુરુ ભક્તિ સંધ્યા ભક્તિના આયોજન થયા. પૂજ્યશ્રીનાં જીવન પર આધારિત ડોક્યુમેન્ટરી પ્રદર્શિત કરાઈ. અનેક જગ્યાએ ગુણાનુવાદ બાદ સાધર્મિક ભક્તિ પ્રભાવના વગેરે આયોજન થયા.

## શ્રી પાટણ જૈન મંડળ – પાલીતાણા યાત્રા પ્રવાસ

### મુખ્ય સૌજન્ય દાતાઃ શ્રી નેમચંદ ચુનીલાલ શાહ હ. શ્રી પંકજભાઈ નેમચંદ શાહ (પોળની શેરી)

### સહાયક સૌજન્ય દાતાઃ શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) (કનાસાનો પાડો)

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજનાં પરિવારો માટે તા. ૧૦-૦૧-૨૦૨૩ થી તા. ૧૩-૦૧-૨૦૨૩ દરમ્યાન યોજાયેલ યાત્રા પ્રવાસમાં જોડાયેલ પરિવારોને તેમના ટ્રેન, બોગી, સીટ નંબર, બસ નંબર, ધર્મશાળાનું નામ, બ્લોક નંબર તથા અન્ય જરૂરી સૂચનાઓ સહીતનો સંપૂર્ણ કાર્યક્રમની રૂપરેખાનું બ્રોશર આપે બોરીવલી, ગોરેગામ કે મરીનડ્રાઈવ ખાતે જ્યાં નામ નોંધાવેલ હોય તે મુજબના કાર્યાલય ખાતેથી મોડામાં મોડું તા. ૦૪-૦૧-૨૦૨૩ સુધીમાં મેળવી લેવાનું રહેશે.

૧. દરેક યાત્રિકોએ તા. ૧૦-૦૧-૨૦૨૩ના બપોરે ૩.૩૦ કલાકે બાન્દ્રા રેલ્વે સ્ટેશન ખાતે આવવાનું ફરજિયાત રહેશે જેની નોંધ લેવી.

૨. બાન્દ્રા સ્ટેશન ખાતે પોતાના કોચની પાસે પોતાની હાજરીની નોંધણી કરાવવાની રહેશે.

૩. ટ્રેનમાં આવતા અને જતાં બન્ને સમયે ડીનર બોક્ષ ટ્રેનમાં આપવામાં આવશે.

નોંધઃ દરેકે ચોવિહાર સમય પહેલા ભોજન લઈ લેવાનું રહેશે.

૪. યાત્રા પ્રવાસ દરમ્યાન સંઘ પુજન કરવાની ભાવના ધરાવતા સદસ્યોએ રૂા. ૧/- એટલે રૂા. ૩૫૦/- મુજબ આપવાના રહેશે.

**(૧) શ્રી પાટણ જૈન મંડળ-મુખ્ય કાર્યાલય :** ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦૦૨૦. ફોન : ૨૨૮૧૧૩૪૬ / ૮૭૭૯૧૬૧૨૦૯ સમય : ૧૧.૦૦ થી ૬.૦૦ **(૨) શ્રી પાટણ જૈન મંડળ-શાખા કાર્યાલય :** રૂપમ, ૧૫૨, જવાહર નગર, ગોરેગામ (વે), મુંબઈ - ૪૦૦૦૬૨. સમયઃ ૯.૩૦થી ૧૨.૩૦ અને ૪.૦૦ થી ૭.૦૦ ફોન : ૯૧૫૨૯૯૮૮૬૫ **(૩) શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય :** એ-૨૩/૧, રતનનગર, દીપ નારાયણ દુબે માર્ગ, બોરીવલી (ઈ), મુંબઈ -૪૦૦૦૬૮ સમયઃ ૯.૩૦થી ૧૨.૩૦ અને ૩.૩૦થી ૬.૩૦ ફોનઃ ૨૮૯૧૧૩૦૮

**વધુ વિગત માટે સંપર્ક : કન્વીનર**

**શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ મો. ૯૮૨૦૦૬૪૬૬૮**

**શ્રી હિતેનભાઈ ચંપકલાલ વીમાવાળા મો. ૯૩૨૩૭૪૨૭૮૯**


## KANASA KALYAN KENDRA



શિયાળો આવે એટલે સાથે લાવે વસાણા,
વર્ષભરની પ્રતિકારક શક્તિ પામવાના ઉપાયો,
અને યાદ અપાવે કનસા કલ્યાણ કેન્દ્રનો સાલમ પાક,
બસ તો રાહ શેની જોવાય છે ! ચલો સખા, સહિયર, બાળગોપાલ અને
મુરબ્બીઓ, આપણા પગલાં વાળીએ
સ્વરોજગાર લક્ષી મથક કનાસા કલ્યાણ કેન્દ્ર તરફ...
જ્યાં મળશે શક્તિ વર્ધક, સ્વાદિષ્ટ અને તાજો સાલમ પાક.

રૂા. ૪૦૦/-
એક બોક્ષ
૪૫૦ ગ્રામનું



Rs. 400/-
One Box
450 Grams

પાટણ તથા ગોરેગાંવ ખાતેના મથકો ઉપરાંત નીચે મુજબના ફ્રેન્ચાઈઝ ખાતેથી મળી જશે.

**આપને નીચે જણાવેલ FRANCHISE પાસેથી પણ માલ પ્રાપ્ત કરી શકાશે.**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| વાલકેશ્વર | મીનાબેન | : ૯૮૩૩૨૭૧૪૯૯ | નવજીવન સોસા. | નિતિનભાઈ | : ૯૮૧૯૮૦૨૦૯૧ | સિક્કાનગર | ફૂડપ્લાઝા | : ૯૮૨૦૪૪૩૫૪૪ |
| ગોવાલીયા ટેન્ક | શેફાલીબેન | : ૭૯૭૭૦૨૭૧૦૯ | કાંદિવલી (વેસ્ટ) | નિરૂપાબેન | : ૯૮૭૦૭૧૯૫૨૦ | કાંદિવલી | માધવીબેન | : ૮૩૬૯૧૨૪૭૬૫ |
| શાંતાક્રુઝ (વેસ્ટ) | રમીલાબેન | : ૯૩૨૪૬૬૦૫૨૮ | ઘાટકોપર | અમીબેન | : ૯૧૩૬૩૬૩૨૯૮ | મરીનડ્રાઈવ | ભરતભાઈ | : ૯૩૨૨૩૭૮૦૩૫ |
| બોરીવલી (ઈસ્ટ) | રાજેન્દ્રભાઈ | : ૯૮૨૦૦૮૫૦૦૯ | હાજીઅલી | વનીતાબેન | : ૯૮૬૯૨૮૧૦૩૦ | વિલેપાર્લા | જયેશભાઈ | : ૯૯૨૦૩૮૫૫૯૭ |
| પાયધુની | સુભાષભાઈ | : ૭૭૧૫૦૩૮૫૪૩ | કાંદિવલી(ઈ)(વે) | કેતનભાઈ સાંડેસરા | :૭૯૭૭૦૧૭૦૬૨ | ઘાટકોપર (ઈ) | પરેશભાઈ | : ૮૮૭૯૧૫૨૬૭૮ |

મુંબઈઃ કનાસા કલ્યાણ કેન્દ્ર, ૮૫ જવાહર નગર રોડ નં. ૪, ગોરેગામ (વે), મુંબઈ-૪૦૦૧૦૪ મો.: ૮૭૬૭૧૨૧૬૨૮ / ૯૬૯૯૦૫૩૬૯૦

પાટણઃ કનાસા કલ્યાણ કેન્દ્ર, પાટણ (ઉ.ગુ.), પાટણ-૩૮૪૨૬૫ ફોનઃ ૦૨૭૬૬-૨૨૪૭૨૦ મો.: ૦૯૪૨૮૬૬૪૮૮૧

**મલાડ (વેસ્ટ) અને દાદરના ફ્રેન્ચાઈઝ માટે મળો. સંપર્ક : ૯૧૬૭૨૩૯૯૬૬**

ADVT




**શ્રી પાટણ જૈન મંડળ અને**
**શ્રીમતી કમળાબેન પ્રેમચંદ તેલિયાવાળાના સંયુક્ત ઉપક્રમે**
**સંવત ૨૦૭૯ મહા વદ ૦૨ મંગળવાર તા. ૦૭-૦૨-૨૦૨૩ના**
**''સ્વમાનભેર લગ્ન''નું આયોજન કરવામાં આવેલ છે, જેમાં...**

(૧) ફક્ત ૧ યુગલ હશે તો પણ લગ્નનું આયોજન થશે.
(૨) આધુનિક સુવિધા લગ્નમાં આવરી લેવામાં આવશે.
(૩) ૧ પાત્ર પાટણનો હોવો જરૂરી છે.
(૪) આખા વર્ષ દરમ્યાન લગ્ન માટે ૧ થી વધારે તારીખનો વિકલ્પ.
(૫) નવલું નજરાણું શ્રી પંચકલ્યાણક પૂજા અને મહેંદીના પ્રસંગને પણ ઉજવવાની તક મળશે.
(૬) અવનવી અને અનમોલ ભેટો અને સોગાદો આપવામાં આવશે.
(૭) નવવધુને પાનેતર - ડોનર ફેમિલી તરફથી ભેટ મળશે.

તો ચાલો નવા યુગમાં નવી યોજનામાં જોડાઈએ અને તો આવો આપણે સન્માનથી સ્વમાનભેર લગ્ન ઉજવીએ.

વધુ વિગતો માટે મંડળમાં સંપર્ક કરવો - શ્રી પાટણ જૈન મંડળ મો. : 8779161209
શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહ મો. 9322214197

## આપણું મન આપણું ઘર

માર્ટિના નવરાતિલોવાને એક વખત પૂછવામાં આવ્યું કે, ''તમે ૪૩ વર્ષની ઉંમરે પણ આટલી શારીરિક ક્ષમતા સાથે આટલું ઉત્કૃષ્ટ કઈ રીતે રમી શકો છો ?''

એણે વિનમ્રતાથી જવાબ આપ્યો, ''દડાને ખબર નથી કે મારી ઉંમર કેટલી છે.'' તમારે તમારી જાતને અવરોધવાથી રોકવાની જરૂર છે. જીવનની દરેક રમત ખરેખર છ ઈંચના મેદાનમાં રમાય છે. એ મેદાન છે. - ''તમારા બે કાન વચ્ચેની જગ્યા''

આપણે વિલા, ડુપ્લેક્સ અથવા એપાર્ટમેન્ટમાં વસતા નથી. આપણે આપણા મનમાં વસીએ છીએ, જે અનંત છે. જો અહીં બધું વ્યવસ્થિત અને ગોઠવેલું હોય તો જીવન સાર્થક છે.

અવ્યવસ્થિત મનના ટેબલ પર વધતી જતી નફરત, ખૂણામાં એકઠો થતો અફસોસનો ઢગલો, રસોડામાં ઊકળતી અપેક્ષાઓ, કાર્પેટની નીચે સંઘરાતી ગુપ્ત વસ્તુઓ અને ચારે કોર ફેલાઈને પડેલી ચિંતાઓ આપણા વાસ્તવિક ઘરને બરબાદ કરે છે.

જીવનમાં તથા કોઈપણ ક્ષેત્રમાં સારું કાર્ય કરવા માટેનું મુખ્ય પરિબળ, તમારા ''આંતરિક સંવાદ''ની ગુણવત્તા અને ઈયત્તાને નિયંત્રિત કરવાની ક્ષમતા છે. તમારી કાર્યપ્રસ્તુતિ બરાબર તમારી ક્ષમતામાંથી આંતરિક દખલની બાદબાકી. ''વ્યવસ્થિત ઘરમાં નિરાંતે જીવો, અવ્યવસ્થિત ઘરમાં ઉચાટમાં નહીં.''

❑ **ભાવનાબેન બી. પટેલ (શિક્ષિકા) BDSV**

# સંસ્થા સમાચાર

### બોરીવલી દહીસર - પાટણ જૈન મિત્ર મંડળ આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટ

બોરીવલી - દહીંસરમાં રહેતા પાટણના જૈન પરિવારોના દીકરા દીકરીઓ સ્પોર્ટ્સ ક્ષેત્રે પ્રગતિ સાધી શકે તેમજ એકમેકની નજીક આવી શકે તેવા ઉમદા હેતુથી આગામી તા. ૫, ફેબ્રુઆરી ૨૦૨૩, રવિવારના રોજ બપોરે ૩ થી રાત્રે ૧૦ દરમ્યાન ટર્ફ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન બોરીવલી ખાતે કરેલ છે, જેમાં લેડીઝ ટીમ તથા જેન્સ ટીમ ભાગ લઈ શકશે.

ટુર્નામેન્ટમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ૧૪ વર્ષથી ઉપરના યુવક-યુવતિઓએ ગુગલ ફોર્મ ભરવું જરૂરી છે વધુ માહિતી માટે સંપર્ક સૂત્ર :

શ્રી જીગરભાઈ ગીરીશભાઈ શાહ મો. ૯૮૨૦૨૮૦૩૨૭

શ્રી મયુરભાઈ સુરેશચંદ્ર જૈન મો. ૯૮૧૯૯૬૫૦૦૪

****************************************************************************************

### શ્રી વિલેપાર્લે (વે) સૌરભ લેડીઝ ક્લબ

વર્ષ ૨૦૨૨માં અદિતિ હોટલમાં સાંજના હાઈટી વીથ સ્નેક્સ, ગુજરાતી પિક્ચર "કહેવતલાલ પરિવાર", જીવદયા ધામની સેવા-પૂજા ભક્તિના સફળ કાર્યક્રમો બાદ તા. ૧૪ ડિસેમ્બરના રોજ સંસ્થાના માનનીય પ્રમુખ શ્રીમતી સુરેખાબેન જશવંતભાઈ શાહની ૬૦મી મેરેજ એનિવર્સરી નિમિત્તે 'નિપોન' સોસાયટીના હોલમાં અંદાજિત ૭૦ બહેનોની ઉપસ્થિતિમાં એક શાનદાર કાર્યક્રમ સંપન્ન થયો. સૌરભ લેડીઝ ક્લબ તરફથી તેમને ખૂબ જ સુંદર અને આકર્ષક ફ્રેમ આપીને બહેનોએ તેમને શુભેચ્છા આપી હતી. આ કાર્યક્રમ ખુબજ યાદગાર બની રહ્યો. શ્રીમતી સુરેખાબેન જશવંતભાઈ શાહ તરફથી વિવિધ પ્રકારની ચાટ વાનગીઓનો રસાસ્વાદ માણ્યો, તેઓએ પણ બધી બહેનોને રીર્ટન ગિફ્ટ આપી હતી.

વર્ષ ૨૦૨૩નું લવાજમ ભરી નવું સભ્યપદ મેળવવા સૌરભ લેડિઝ ક્લબની કમિટી બહેનોનો સંપર્ક કરવા વિનંતી છે નવા વર્ષનો પ્રથમ કાર્યક્રમ જૂહુ જીમખાના ખાતે રાખવામાં આવ્યો છે.


નવેમ્બર-૨૦૨૨, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ

## શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોનઃ (૦૨૭૬૬)૨૨૦૨૦૩

મુંબઈ કાર્યાલયઃ- ૩૧૮ પ્રસાદ ચેમ્બર્સ, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭

મુંબઈઃ શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬

| | |
|---|---|
| શ્રી શાંતિલાલ પોપટલાલ ચેરીટેબલ ટ્રસ્ટ | ૪,૦૦,૦૦૦ |
| શ્રી નરેન્દ્રભાઈ ચીમનલાલ શાહ (ભાભાનો પાડો) | ૨,૦૦,૦૦૦ |
| શ્રી મુંબઈ જીવદયા મંડળી (અમદાવાદ) | ૧,૭૧,૦૦૦ |
| રોટરેક્ટ ક્લબ ઓફ પાટણ | ૧,૫૧,૦૦૦ |
| શ્રી હરેશકુમાર જયંતિલાલ શાહ (JD) (ભાભાનો પાડો) | ૭૧,૦૦૦ |
| શ્રી નિષ્કાબેન નિષિતભાઈ શાહ (લખિયારવાડો, ગોવાલિયા ટેન્ક) (દિક્ષા નિમિત્તે) | ૫૫,૦૦૦ |
| M/s. C.J. Shah & Co. Mumbai | ૩૭,૦૦૦ |
| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન સંઘ | ૩૧,૦૦૦ |
| શ્રી હસમુખલાલ મહાસુખલાલ શાહ (અબજી મહેતાનો પાડો) | ૩૧,૦૦૦ |
| શ્રી મહોદયધામ સ્મારક ટ્રસ્ટ (એસ.જી. હાઈવે, અમદાવાદ) | ૩૧,૦૦૦ |
| શ્રીમતી ચંચળબેન કેશવલાલ શાહ | ૩૦,૦૦૦ |
| શ્રી નવજીવન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ (લેમીન્ગટન રોડ) | ૨૫,૦૦૦ |
| શ્રી રજનીકાંતભાઈ એમ. શાહ પરિવાર (માતૃઆશિષ) | ૨૫,૦૦૦ |
| શ્રી ઈઝરાયલ જૈન સંઘ | ૨૫,૦૦૦ |
| શ્રી આદેશ્વર શ્વેતાંબર મૂર્તિપુજક જૈન સંઘ (શ્રી નગર સોસાયટી, ગોરેગામ) | ૨૧,૦૦૦ |
| શ્રી જૂહુ સ્કીમ જૈન સંઘ | ૨૧,૦૦૦ |
| શ્રી મહાવીરસ્વામી જૈન રીલીજયસ ટ્રસ્ટ (મરીનડ્રઈવ) | ૨૧,૦૦૦ |
| શ્રી ઘાટકોપર શ્વે. મુ. જૈન સંઘ (નવરોઝ લેન, ઘાટકોપર) | ૨૧,૦૦૦ |
| શ્રીમતી સુશીલાબેન ચંદ્રકુમાર ઝવેરી (સાહેબા) (મુંબઈ) | ૨૧,૦૦૦ |
| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ, (ભારતી સોસાયટી, પાટણ) | ૧૫,૦૦૦ |
| શ્રી ગોવાલીયા ટેંક જૈન સંઘ | ૧૫,૦૦૦ |
| શાહ ગીરીશભાઈ મણિલાલ ઝાલાવાડી પરિવાર (પાલડી, અમદાવાદ) | ૧૧,૦૦૦ |
| શ્રી અનીલભાઈ મફતલાલ શાહ (મુંબઈ) | ૧૧,૦૦૦ |
| ડૉ. દિપ્તીબેન નિખિલભાઈ શાહ (કુંભારીયા પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી નિખિલભાઈ મહેન્દ્રભાઈ શાહ (કુંભારીયા પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી અમીતભાઈ સી. શાહ પરિવાર | ૧૧,૦૦૦ |
| શ્રી પ્રકાશભાઈ મહાસુખલાલ શાહ સુવિધિનાથ દાદાના જન્મ કલ્યાણક નિમિત્તે (અબજી મહેતાનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી ઝવેરચંદ પ્રતાપચંદ શ્વેતાંબર જૈન સંઘ (વાલકેશ્વર રોડ) | ૧૧,૦૦૦ |
| પહેલ પારસભાઈ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી ઘોડદોડ રોડ શ્વેતાંબર મૂર્તિપુજક જૈન સંઘ (સરેલાવાડી, સુરત) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી પીંકીબેન ધીરેનભાઈ શાહ માતૃઆશિષ | ૧૧,૦૦૦ |
| શ્રીમતી કમલાબેન કસ્તુરચંદ શાહ (મણિયાતીપાડો) હ. શ્રી જશવંતભાઈ, અશોકભાઈ | ૧૧,૦૦૦ |
| ડૉ. સ્મીતાબેન ઈન્દ્રવદનભાઈ શશિકાંતભાઈ શાહ (લખિયારવાડો, ઘાટકોપર) | ૧૧,૦૦૦ |
| શ્રી બીજલબેન કલ્પેશભાઈ શશિકાંતભાઈ શાહ (અંધેરી) | ૧૦,૫૦૦ |
| શ્રી શ્વેતાંબર મૂર્તિપુજક જૈન સંઘ (જગડુશાનગર, ઘાટકોપર) | ૧૦,૦૦૦ |
| શ્રી દહાણુકરવાડી મહાવીર નગર શ્વેતાંબર મૂર્તિપુજક જૈન સંઘ (કાંદિવલી) | ૧૦,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

ADVT

# શ્રી પાટણ જૈન મંડળ

## રૂા. ૫ લાખના શુભેચ્છક દાતા



શ્રી પ્રફુલભાઈ કાંતિલાલ શાહ
(કુંભારીયા પાડો)



શ્રીમતી અમીતાબેન કમલેશભાઈ શાહ
(વખતજીની શેરી )



શ્રીમતી કેશરબેન હરીલાલ ચોક્સી
(ઝવેરી વાડો)



શ્રી તુષારભાઈ યશવંતભાઈ ઝવેરી (બ્રાહ્મણવાડો)



શ્રી દિપેનભાઈ યશવંતભાઈ ઝવેરી (બ્રાહ્મણવાડો)

## ''નૂતન સમાજ ઉત્કર્ષ સહાય ફંડ યોજના'' રૂા. ૧.૨૫ લાખનું દાન આપનાર દાતાઓ



શ્રીમતી રાગીણીબેન કુમારપાળ શાહ
(ચોધરીની શેરી)



શ્રીમતી ભારતીબેન દિનેશચંદ્ર શાહ
(ખજુરીનો પાડો)



શ્રી અમીબેન યશમુખભાઈ શાહ
(કનાસાનો પાડો)



શ્રીમતી શીતલબેન નિલેશભાઈ શાહ
(ખડાખોટડીનો પાડો)



શ્રીમતી અરૂણાબેન યશવંતલાલ શાહ
(લીમડીનો પાડો)



શ્રીમતી સેજલબેન ધીરેનભાઈ શાહ
(વખતજીની શેરી)



ડૉ. દત્તાબેન ચીમનલાલ શાહ
(શાંતિનાથની પોળ)



શ્રીમતી સુશીલાબેન રમેશચંદ્ર શાહ
(વખતજીની શેરી)



શ્રીમતી જ્યોત્સનાબેન પ્રમોદકુમાર શાહ
(બ્રાહ્મણ વાડો)



શ્રી પ્રમોદકુમાર મણિલાલ શાહ
(બ્રાહ્મણ વાડો)



શ્રી દિલીપભાઈ સેવંતીલાલ ગાંધી
(વાસુપૂજ્યની શેરી)

# સાભાર સ્વીકાર

**પ્રાથમિક શાળા પ્રાઈમરી પ્રોજેક્ટ ભેટ:**

૫૧,૦૦,૦૦૦/- શ્રી ત્રિભોવનદાસ ડી. પટેલ, વડોદરા

૨,૦૦,૦૦૦/- શ્રીમતી ઈન્દીરાબેન બીપીનભાઈ શાહ (વખારનો પાડો) (વિદ્યાલય ડીજીટલ સ્માર્ટ ક્લાસ) S.M. Shah સાહેબ

**શ્રુતજ્ઞાન પ્રદાન નિધિ જનરલ ફંડ :**

૫,૦૦,૦૦૦/- શ્રીમતી કેશરબેન હરીલાલ ચોક્સી (ઝવેરી વાડો) હ. શ્રીમતી શિલ્પાબેન ચોક્સી

૧૧,૦૦૦/- શ્રીમતી પુષ્પાબેન સનાલાલ શાહ (ખેતરપાળનો પાડો) હ. શ્રીમતી શશિકલા દિપકભાઈ શાહ

**શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ :**

૫,૦૪,૦૦૦/- શ્રી વિલેપાર્લા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ અને ચેરીટેબલ ટ્રસ્ટ

૧,૦૦,૦૦૦/- શ્રી મરીનડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ, મુંબઈ

૧૧,૦૦૦/- શ્રી સુધીરભાઈ રમણલાલ શાહના સ્મરણાર્થે હ.શ્રી જીગરભાઈ સુધીરભાઈ શાહ (લખીયાર વાડો)

**મેડિકલ / સિનિયર સિટીઝન ભેટ :**

૨,૦૦,૦૦૦/- સ્વ. શ્રીમતી પાયલ વિનયભાઈ શાહના સ્મરણાર્થે હ. શ્રીમતી અરૂણાબેન યશવંતભાઈ શાહ (લીમડીનો પાડો)

**આર્થિક સહાય ભેટ :**

૧૧,૦૦૦/- શ્રીમતી પુષ્પાબેન સનાલાલ શાહ (ખેતરપાળનો પાડો) હ. શ્રીમતી શશિકલા દિપકભાઈ શાહ

**શિક્ષણ સહાય ભેટ :**

૧૧,૦૦૦/- શ્રીમતી પુષ્પાબેન સનાલાલ શાહ (ખેતરપાળનો પાડો) હ. શ્રીમતી શશિકલા દિપકભાઈ શાહ

**સમાજ ઉત્કર્ષ સહાય ભેટ :**

૧૧,૦૦૦/- શ્રી કેતનભાઈ ભોગીલાલ શાહ હ. શ્રી વિરલભાઈ અને શીખાબેનના લગ્ન પ્રસંગે (ખેતરવસી)




# Export-Import Management

By Economic Upliftment

**With a view to provide knowledge about international business, Economic Upliftment committee has designed 15 days evening course on basics of Export & Import**

Day - Every Tuesday from 10th jan. 2023
Time - 6:30 PM to 9:00 PM (2.5 Hrs)
Venue - PJM Hall
Batch Size - 30 person.
Faculty - Shri Ajit Shah (Limdino Pado)
Coverage -

- What is Exports?
- Registration.
- Selection of the product.
- identification of the market.
- How to find buyers?
- Documentation.
- Customs procedures.
- Export incentives.
- Forex.

Registration Link - https://bit.ly/pjmskillingimpex
Registration Fee - 2000/-
The registration fee will be refunded and a certificate will be provided on successful completion of the course.
*For further details please contact Bhavik Shah +91 7666676701*






# શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુ:ખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુ:ખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિર:શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | શાંતિનાથની પોળ | વિનોદચંદ્ર ભગવાનદાસ શાહ | ૮૩ | વિલેપાર્લા | ૧૮-૧૧-૨૨ | કારતક વદ ૦૯ |
| દશા પોરવાળ | કપૂર મહેતાનો પાડો | હર્ષાબેન પંકજભાઈ શાહ | ૬૭ | મુંબઈ | ૩૦-૧૧-૨૨ | માગશર સુદ ૦૭ |
| વિશા પોરવાળ | કોકાનો પાડો | મધુકાંતભાઈ મફતલાલ શાહ | ૭૯ | ગોરગામ | ૦૫-૧૨-૨૨ | માગશર સુદ ૧૩ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | નિલયભાઈ જનકભાઈ શાહ | ૩૯ | ગોરેગામ | ૧૨-૧૨-૨૨ | માગશર વદ ૦૪ |
| વિશા શ્રીમાળી | તંબોલી વાડો | ચીનુભાઈ ચીમનલાલ શાહ | ૯૭ | બોરીવલી | ૧૩-૧૨-૨૨ | માગશર વદ ૦૫ |
| વિશા શ્રીમાળી | લીમડીનો પાડો | જશવંતલાલ કસ્તુરચંદ શાહ | ૮૮ | વિલેપાર્લા | ૧૩-૧૨-૨૨ | માગશર વદ ૦૫ |
| વિશા શ્રીમાળી | મહાલક્ષ્મીમાતાનો પાડો | હીનાબેન સુકેતુભાઈ શાહ | ૬૫ | નેપિયન્સી રોડ | ૧૩-૧૨-૨૨ | માગશર વદ ૦૫ |

* ચક્ષુદાન કરેલ છે ✹ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

# શ્રી પાટણ જૈન મંડળ
## વિવિધ સહાયક યોજનામાં દાન આપનાર દાતા



શેઠ શ્રી અમીચંદ પનાલાલ
(ખેતરવશી)



શેઠાણી કુંવરબેન અમીચંદ
(ખેતરવશી)



બા.સા. પનાલાલ પુનમચંદ



બા.સા. નાનકચંદજી પુરણચંદજી
(ખજૂરીનો પાડો)



બા.સા. જીવણલાલ પનાલાલ



શ્રી બીપીનચંદ્ર રમણલાલ ઝવેરી
(ખડાખોટડીનો પાડો)



શ્રીમતી મુકુલબેન બીપીનચંદ્ર ઝવેરી
(ખડાખોટડીનો પાડો )



શ્રીમતી નીપાબેન સી. લાદીવાલા
(ખડાખોટડીનો પાડો)


Discover the Wonders of Europe
**Only with Gem Tours & Travels!**

AVAIL EARLY BIRD DISCOUNTS FOR BOOKINGS MADE BEFORE 15TH DEC!



GEM™
TOURS & TRAVELS PVT. LTD
*The Luxury Tour Co.*

**Call : Nimesh Shah (Zaveri Wado)**
**Mo. 9819213455**

ADVT

**જૈનો માટે સોનેરી તક : 100% only Veg અને જૈન ભોજન સાથે,**
**પ્રવાસ કરો GEM TOURS (Since 1983) સાથે ભારત અને વિદેશના ખૂણે ખૂણે.**

**ALL MAJOR INTERNATIONAL DESTINATIONS -**
Europe, USA, Canada, South Africa, Croatia, Turkey, Iceland, Balken Countries, Newzealand, Australia, Dubai, Far East Countries and many More.

**ALL DOMESTIC SECTORS INCLUDING PREMIUM KASHMIR PACKAGES**

ભારતનું પહેલું pvt Hill Station: **Paraiso Resort (Igatpuri)** Lake ને અડીને,
પર્વત ઉપર, Valley તથા Forest થી ઘેરાયેલું, 35,000 Sq.ftમાં ફેલાયેલુ.



Postal Regd. No. MCS / O84 / 2021-23 W.P.P. License No. MR/TECH/WPP-120/South/2021-23.
PATAN PRATIBIMB ● December 2022 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

# શ્રી પાટણ જૈન મંડળ

## જીવન નિર્વાહ સહાય યોજના

### રૂા. ૩૧ લાખના મુખ્ય દાતા

૧. શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ પરિવાર (કેશુશેઠનો પાડો)

૨. શ્રી અતુલભાઈ ચંદ્રકાંત શાહ પરિવાર (અબજી મહેતાનો પાડો)

૩. શ્રીમતી નીરૂબેન ધીરેનભાઈ શાહ અને શ્રીમતી પ્રતિમાબેન નરેનભાઈ શાહ (ઝભલાવાળા) (ખેતરવસી -મહાદેવાજીની શેરી)

૪. શ્રીમતી સુરેખાબેન જશવંતલાલ મણિલાલ શાહ પરિવાર (ભાભાનો પાડો)

### રૂા. ૧૧ લાખના સહાયક દાતા

૧. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાળા પરિવાર (કનાસાનો પાડો)

૨. શ્રીમતી કાનલબેન હિતેશભાઈ શાહ પરિવાર (કપુર મહેતાનો પાડો)

૩. શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ પરિવાર (વખતજીની શેરી)

### રૂા. ૫ લાખના શુભેચ્છક દાતા

૧. શ્રીમતી રંજનબેન મહાસુખલાલ પોપટલાલ શાહ પરિવાર (વાસુપૂજ્યની શેરી)

## શ્રી પાટણ જૈન મંડળ ''નૂતન સમાજ ઉત્કર્ષ સહાય ફંડ યોજના''

### રૂા. ૯ લાખનું દાન નોંધાવનાર દાતાઓ

૧. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા)
૨. શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાળા)
૩. શ્રી રમણલાલ પોપટલાલ શાહ
૪. શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ
૫. શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ
૬. શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ
૭. શ્રી સૌરીનભાઈ રાજેશભાઈ શાહ
૮. શ્રી સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા
૯. શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ
૧૦. શ્રીમતી સુરેખાબેન જશવંતભાઈ શાહ
૧૧. શ્રી દિનેશભાઈ શાંતિલાલ પોપટલાલ શાહ
૧૨. શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ
૧૩. બાબુ નાનકચંદજી પુરણચંદજી ટ્રસ્ટ
૧૪. બાબુ પનાલાલ પુનમચંદ ચેરીટેબલ ફંડ
૧૫. સેવંતીલાલ કાંતિલાલ પરિવાર
૧૬. શ્રી અતુલભાઈ રસિકલાલ શાહ
૧૭. શ્રી દિપકભાઈ રેવંતિલાલ શાહ

Printed & Published by BHARATI BHAGUBHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL and Printed at Arihant Printing Press, Bldg. No. 310, Saibaba Nagar, Pant Nagar, Ghatkopar (E), Mumbai-400075. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.

**Editor : BHARATI BHAGUBHAI SHAH**

TO,